

# ન્યુઝ 4 કચ્છ

‘વાત કચ્છીયતની’

**સુવિચાર**
મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિ નો ઠપકો સાંભળવો ફાયદાકારક છે!

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૩૭ તા.૨૪.૦૮.૨૦૨૪, શનિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 37 Dt. 24-08-2024, Saturday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# ભારે વરસાદથી ત્રિપુરામાં તબાહીઃ ૨૨ મોત, ૧૭ લાખ લોકો પ્રભાવિત !

**સમગ્ર દેશમાં આ વર્ષે વરસાદે ભારે તબાહી મચાવી છે. ત્યારે હિમાચલ,ઉત્તરાખંડ બાદ હવે રાજસ્થાન સહિતના રાજ્યોમાં વરસાદ ભારે તબાહી મચાવી રહ્યો છે તે વચ્ચે ભારે વરસાદથી ત્રિપુરામાં તબાહીના દ્રશ્યો સર્જાયા છે. અને લાખો લોકો પ્રભાવીત બન્યા છે. હજુ ગુજરાત સહિતના રાજ્યોમાં ભારે વરસાદનુ એલર્ટ આપવામાં આવ્યુ છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદથી ભૂસ્ખલનમાં ૪ના મોત થયા છે.**

ત્રિપુરા, તા.૨૩

દેશભરમાં ચોમાસાએ જમાવટ સાથે તબાહી મચાવી છે. ત્રિપુરામાં પણ કઈક એવી જ સ્થિતિ નિર્માણ પામી છે.ભારે વરસાદને કારણે ત્રિપુરામાં ૨૨ લોકોના અત્યાર સુધી મોત થયા છે અને અન્ય બે લોકો ગુમ થયાના અહેવાલો છે. તંત્રના જણાવ્યા અનુસાર ત્રિપુરા માં ૪૫૦ રાહત શિબિરોમાં ૬૫,૪૦૦ લોકોએ આશ્રય લીધો છે કારણ કે ભારે વરસાદને કારણે તેમના ઘરોને નુકસાન થયું છે.ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર એક પોસ્ટ માં લખ્યું છે કે સંતીર બજારના અશ્વની ત્રિપુરા પરા અને દેબીપુર માં ભૂસ્ખલન બાદ દસ લોકો કાટમાળ નીચે દટાયા છે. તેમણે કહ્યું કે હું મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું. આ ન ભરી શકાય તેવી ખોટ છે. રાજ્ય સરકારે દરેક મૃતકોના પરિવારને ૪ લાખ રૂપિયા ની આર્થિક સહાયની જાહેરાત કરી છે.અગાઉ, મહેસૂલ વિભાગના સચિવ બ્રિજેશ પાંડેએ કહ્યું હતું કે રાજ્યમાં ભારે વરસાદને કારણે ૧૨ લોકોના મોત થયા છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે અને બે લોકો લાપતા છે. પ્રારંભિક અહેવાલો ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કૃષિ પાકો તેમજ ઘરો અને પશુધનને મોટા પ્રમાણમાં નુકસાન સૂચવે છે. મહેસૂલ વિભાગના સચિવ બ્રિજેશ પાંડેએ જણાવ્યું હતું કે ૨,૦૩૨ સ્થળોએ ભૂસ્ખલન નોંધાયું હતું, જેમાંથી ૧,૭૮૯ સ્થળોને સાફ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય સ્થળોએ પુનઃસંગ્રહનું કામ ચાલી રહ્યું છે. આસામ રાઈફલ્સે જણાવ્યું કે રાજ્યભરમાંથી ૭૫૦ થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આસામ રાઈફલ્સની રાઈફલ મહિલાઓ ત્રિપુરા માં રાહત અને બચાવ કામગીરી નું નેતૃત્વ કરી રહી છે. તેમણે કહ્યું કે કેન્દ્રએ ગોમતી અને દક્ષિણ ત્રિપુરા જિલ્લામાં ફસાયેલા લોકોને બચાવવા માટે બે હેલિકોપ્ટર પ્રદાન કર્યા છે. આસામ રાઈફલ્સે જણાવ્યું કે રાજ્યભરમાંથી ૭૫૦ થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આસામ રાઈફલ્સની રાઈફલ મહિલાઓ ત્રિપુરામાં રાહત અને બચાવ કામગીરીનું નેતૃત્વ કરી રહી છે. પૂર્વ કંચનબારી, કુમારઘાટ, ઉનાકોટી જિલ્લા, ગોમતી જિલ્લાના અમરપુર, બિશાલગઢ, સિપાહીજાલા





અને ત્રિપુરા પશ્ચિમ સહિત રાજ્યના વિવિધ ભાગોમાં ચાર બચાવ ટીમો મોકલવામાં આવી છે.ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં ગુરુવારે ભૂસ્ખલનને કારણે ચાર લોકોનાં મોત થયા હતા રાજસ્થાનના ૨૬ જિલ્લામાં આજે ભારે વરસાદનું એલર્ટ છે.કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે ત્રિપુરાના સીએમ માણિક સાહાને રાજ્યમાં પૂરની સ્થિતિની સમીક્ષા કરવા માટે ફોન કર્યો હતો અને તેમને કેન્દ્ર તરફથી શક્ય તમામ મદદની ખાતરી આપી હતી. શાહે કહ્યું કે,એનડીઆરએફ ની ૪ ટીમો બચાવ કામગીરીમાં મદદ માટે પહોંચી હતી ગુજરાત સહિત ૧૦ રાજ્યમાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ પહેલા વરસાદ અને વીજળી પડવાથી અનેક રાજ્યોમાં મોતની ધટના બની છે. ત્યારે વરસાદ હજુ પણ તબાહી મચાવી રહ્યુ છે. સમગ્ર ચૌમાસા દરમ્યાન એક અનુમાન મુજબ ૩૦ લાખથી વધુ લોકો પ્રભાવીત થયા હોવાનો અંદાજ છે. ઉત્તરાખંડ સહિત પહાડી રાજ્યોમાં ભારે ભુસ્ખલન થી ભારે મુશ્કેલી સર્જાઇ હતી.

## ગુજરાત માથે એકસાથે ત્રણ સિસ્ટમ સક્રિય

દેશના અનેક ભાગોમાં ભારે વરસાદથી તારાજી સર્જાઈ છે ત્યા ગુજરાતમા વરસાદ ખેંચાયો હતો. જો કે ૧૦ રાજ્યો સાથે ગુજરાતમાં પણ વરસાદની શક્યતા વ્યક્ત કરાઇ છે. ગુજરાતમાં ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી શુક્રવારે વિવિધ જગ્યાએ વરસાદની સંભાવના હતી.રાજ્યના બે જિલ્લામાં વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સુરત અને અમરેલીમાં અત્યંત ભારે વરસાદની સંભાવના સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે અમદાવાદ શહેરમાં ઓરેન્જ એલર્ટ હવામાન વિભાગ દ્વારા આપવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં રેડ ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી સાથે કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી પણ વ્યકત કરવામાં આવી છે. શુક્રવારે પણ રાજ્યના ૧૪૦ થી વધુ તાલુકાઓમાં વરસાદે હાજરી પુરાવી હતી. હજુ પણ ગુજરાત સહિતના રાજ્યોમાં ભારે વરસાદથી જનજીવન પ્રભાવીત થાય તેવી શક્યતા નકારી શકાય નહી અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં સિસ્ટમ સક્રિય થતા રાજ્યમાં ૩ દિવસ ભારે વરસાદની આગાહી કરાઇ છે. જેમા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તારો માં ધોધમાર વરસાદ પડવા સાથે. સૌરાષ્ટ્ર, કચ્છ,ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ ભારે વરસાદની શક્યતા છે. ઓગસ્ટ મહિનાના છેલ્લા અઠવાડિયામાં ભારે વરસાદ ગુજરાત સહિત અન્ય રાજ્યોમા પડી શકે છે.

## કેજરીવાલ કેસમાં સુનાવણી ૫ સપ્ટેમ્બર સુધી ટળી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ૨૬ જૂનના રોજ કથિત દારૂ કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. મની લોન્ડરિંગ કેસમાં કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળી ગયા છે. હવે લાગે છે કે, જેલમાં રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રાહત માટે વધુ રાહ જોવી પડશે. CBI કેસમાં તેમની ધરપકડને પડકારતી કેજરીવાલની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી મોકૂફ રાખવામાં આવી છે. સીબીઆઈ દ્વારા વધુ સમય માંગવામાં આવ્યો હતો, જેને કોર્ટે સ્વીકારી લીધો હતો અને ૫ સપ્ટેમ્બરે કેસની યાદી આપવા જણાવ્યું હતું. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની બેન્ચ સમક્ષ CBI તરફથી હાજર થતાં જણાવ્યું હતું કે, તેઓએ એક કેસમાં જવાબ દાખલ કર્યો છે, જ્યારે અન્ય કેસમાં જવાબ દાખલ કરવા માટે સમયની જરૂર છે. કેજરીવાલ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ સીબીઆઈની માંગનો વિરોધ કર્યો અને કહ્યું કે, તેઓ દલીલો માટે તૈયાર છે. જસ્ટિસ કાંતે કહ્યું કે, એક કેસમાં એફિડેવિટ દાખલ કરવામાં આવી છે અને બીજી અરજીનો જવાબ આપવા માટે સીબીઆઈને વધુ એક સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે. જો કોઈ જવાબ હોય તો તેના બે દિવસ બાદ ફાઇલ કરો. આ બાબત ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ લિસ્ટેડ હોવી જોઈએ. ધરપકડને પડકારવાની સાથે કેજરીવાલે જામીન માટે સુપ્રીમ કોર્ટમાં અરજી પણ કરી છે.કેજરીવાલની અરજીનો વિરોધ કરીને CBIએ સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો છે. વિવાદાસ્પદ એક્સાઈઝ નીતિના ઘડતર અને અમલીકરણમાં અરવિંદ કેજરીવાલની ભૂમિકાને મહત્ત્વપૂર્ણ ગણાવતા CBIએ કહ્યું કે, તપાસ પૂર્ણ કરવા માટે કેજરીવાલની ધરપકડ જરૂરી હતી કારણ કે પુરાવા હોવા છતાં તે સહકાર આપી રહ્યો ન હતો.

## હવે FASTagને વારંવાર રિચાર્જ કરાવવાની ઝંઝટથી મળશે છૂટકારો

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ તમામ બેંકો માટે એક નવો નિયમ રજૂ કર્યો છે. જે હેઠળ ફાસ્ટેગ અને નેશનલ કોમન મોબિલિટી કાર્ડ જેવી સેવાઓના ઓટો-રિપ્લિશમેન્ટ પર હવેથી કોઈ પ્રી-ડેબિટ નોટિફિકેશન જારી કરાશે નહીં. તેમજ આરબીઆઈએ ફાસ્ટેગ અને નેશનલ કોમન મોબિલિટી કાર્ડને ઈ-મેન્ડેટ ફ્રેમવર્કમાં સામેલ કર્યા છે. આ પેમેન્ટ સિસ્ટમમાં રકમ નિશ્ચિત મર્યાદાથી ઓછી હશે તો ગ્રાહકોના એકાઉન્ટ સાથે ઓટોમેટિક જોડાઈ જશે, જેથી ગ્રાહકોને વારંવાર ફાસ્ટેગ રિચાર્જ કરાવવાની ઝંઝટમાંથી છૂટકારો મળશે. ગ્રાહકના એકાઉન્ટ સીધા ફાસ્ટેગ એકાઉન્ટ સાથે લિંક થઈ જતાં ફાસ્ટેગ બેલેન્સ ચેક કરવાની મથામણ કરવી પડશે નહીં. ઈ-મેન્ડેટ ફ્રેમવર્ક ૨૦૧૯માં બનાવવામાં આવી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના એક સર્ક્યુલરમાં કહ્યું કે, ફાસ્ટેગ અને દ્ભઝ્રસ્ઝ્રમાં બેલેન્સની ઓટો-રિપ્લેનિસમેન્ટ, જે ગ્રાહકોને નિશ્ચિત મર્યાદાથી ઓછુ બેલેન્સ હોવા પર ટ્રિગર કરે છે. તે ઉપલબ્ધ ઈ-મેન્ડેટ ફ્રેમવર્ક હેઠળ આવરી લેવામાં આવશે. આ સુવિધાથી વાસ્તવિક ચાર્જથી ૨૪ કલાક પહેલાં જ ગ્રાહકોને મોકલવામાં આવતાં પ્રી-ડેબિટ નોટિફિકેશનની અનિવાર્યતા દૂર થશે. ઈ-મેન્ડેટ ફ્રેમવર્ક પ્રથમ વખત ૨૦૧૯માં સર્ક્યુલર મારફત રજૂ કરવામાં આવી હતી. જેથી ગ્રાહકોના એકાઉન્ટમાંથી થતાં ડેબિટની એડવાન્સમાં સૂચના આપી તેમની સુરક્ષા વધારી શકાય.

## કેરળમાં મંકીપોક્સ વધવાની સૌથી વધુ શક્યતા હોવાથી એલર્ટ

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને હાલમાં જ મંકીપોક્સની વધતી મહામારીને લઈને ચેતવણી જાહેર કરી છે. જોકે, ભારતમાં હાલ આ મહામારીની એન્ટ્રી થઈ નથી. પરંતુ ભારતમાં આ વાયરસથી લડવા માટે તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. કેરળમાં મંકીપોક્સને લઈને એલર્ટ જાહેર કરી દેવાયું છે. તો કેન્દ્ર સરકારે પણ આ વાયરસ સામે તૈયારી રાખવા સતર્કતાના નિર્દેશ જાહેર કર્યા છે. મંકીપોક્સને લઈને ભારતમાં શું શું તૈયારીઓ થઈ રહી છે, જે વિશે જણાવીએ, કેરળના આરોગ્ય વિભાગે બુધવારે રાજ્યમાં એલર્ટ જાહેર કર્યું છે. તમામ એરપોર્ટ પર નજર રાખવા માટે ટીમ તૈનાત કરાઈ છે. જેથી પ્રભાવિત દેશોમાંથી આવી રહેલા મુસાફરોનું સ્ક્રીનિંગ કરી શકાય. જો કોઈ મુસાફરમાં આ લક્ષણો દેખાય છે, તો તેમને તાત્કાલિક અસરથી અલગ મૂકવામાં આવે. વર્ષ ૨૦૨૨ માં જાહેર કરવામાં આવેલ ગાઈડલાઈન અનુસાર તેમની સારવાર કરવામાં આવશે. કેન્દ્ર સરકારના એરપોર્ટ, બંદર અને દરિયાઈ સીમી પર મંકીપોક્સ મહામારીને લઈને સતર્ક રહેવાના આદેશ આપી દેવાયા છે. સરકારે બાંગ્લાદેશ અને પાકિસ્તાનને લગતી બોર્ડર પર પણ એલર્ટ જાહેર કર્યું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના એક્સપર્ટની સાથે બેઠક કરવામાં આવી હતી. આ બેઠકમાં વાયરસના અલગ અલગ સ્ટ્રેનને લઈને ચર્ચા કરવામાં આવી હતી. વિભાગે જણાવ્યું કે, અમે તમામ રાજ્યો અને એનડીસીની સાથે બેઠક કરીને આ વાયરસને લઈને સતર્કતા વધારી છે. સરકારે રામ મનોહર લોહિયા હોસ્પિટલ, સફદરજંગ હોસ્પિટલ અને લેડી હાર્ડિંગ મેડિકલ કોલેજને મંકીપોક્સના દર્દીઓના આઈસોલેશન, સારવાર માટે નોડલ સેન્ટર જાહેર કર્યા છે.

## ભારતીયોને લઈ જતી બસ નેપાળની નદીમાં ખાબકતા ૧૪નાં મોત

**ભારતીય મુસાફરોને લઈ જઈ રહેલી બસ નેપાળના તનહૂં જિલ્લાના અબુખૈરેની વિસ્તારમાં માર્સ્યાંગદી નદીમાં ખાબકતા ૧૪નાં મોત થયા છે જ્યારે ૧૬ મુસાફરોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા મુસાફરોને લઈને બસ કાઠમાંડુ તરફ જઈ રહી હતી**



કાઠમંડુ, તા.૨૩


નેપાળમાં શુક્રવારે એક ભારતીય બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ છે. નેપાળ પોલીસે પુષ્ટિ કરી છે કે ૪૦ લોકોને લઈને જઈ રહેલી એક ભારતીય બસ તનહુન જિલ્લાના માર્સયાંગડી નદીમાં ખાબકી. મળતી માહિતી મુજબ UP FT 7623 નંબર ધરાવતી આ બસ નદીમાં ખાબકવાથી ૧૪ જેટલા મુસાફરોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૧૫ લોકો ઘાયલ છે. મુસાફરોની હજુ ઓળખ થઈ શકી નથી. બસમાં ૪૦ મુસાફરો સવાર હતા. આર્મ્ડ પોલીસ ફોર્સના પ્રવક્તાના જણાવ્યાં મુજબ ૧૪ મૃતદેહો મળી આવ્યા છે. જિલ્લા પોલીસ કાર્યાલય તનહુના ડીએસપી દીપકુમાર રાયે જાણકારી આપી કે યુપી એફટી ૭૬૨૩ નંબરપ્લેટવાળી બસ નદીમાં ખાબકી અને નદીના કિનારે પડી છે. અધિકારીના જણાવ્યાં મુજબ બસ પોખરાથી કાઠમંડુ જઈ રહી હતી. તેમણે કહ્યું કે ઘટનાસ્થળે પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ હાજર છે. લોકોને બચાવવાની કોશિશ થઈ રહી છે. સ્થાનિક પોલીસ અને બચાવ ટુકડીએ તરત ઘટનાસ્થળે પહોંચીને રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પ્રાથમિક અહેવાલ મુજબ બસના નદીમાં ખાબકવાના કારણો અંગે તપાસ થઈ રહી છે. પ્રશાસને ઘટનાની ગંભીરતા જોતા તમામ જરૂરી ઉપાયો હાથ ધર્યા છે અને રાહત કાર્યને પ્રાથમિકતા આપી છે.

એવું કહેવાય છે કે યુપીના ગોરખપુરની રજિસ્ટર્ડ બસ મુસાફરોને લઈને નેપાળ તરફ ગઈ હતી અને બસમાં સવાર મોટાભાગના મુસાફરો મહારાષ્ટ્રના હતા. આ મામલે યુપીના રિલિફ કમિશનરે કહ્યું કે અકસ્માતનો ભોગ બનેલી બસ ગોરખપુરની છે. ડ્રાઈવર પણ ગોરખપુરનો છે. નેપાળ પ્રશાસન સાથે સંપર્ક કરીને ભાળ મેળવવામાં આવી રહી છે કે બસમાં યુપીના કેટલા લોકો સવાર હતા. અત્રે જણાવવાનું કે નેપાળમાં એક મહિના પહેલા જુલાઈમાં પણ બે બસ ત્રિશુલી નદીમાં ખાબકી હતી. બંને બસોમાં થઈને કુલ ૬૫ લોકો સવાર હતા.

## સેબીની કાર્યવાહી : અનિલ અંબાણી સહિત માર્કેટની ૨૪ અન્ય કંપનીઓ પર પ્રતિબંધ

મુંબઈ, તા.૨૩

માર્કેટ રેગ્યુલેટર SEBI એ ડિફોલ્ટર ઉદ્યોગપતિ અનિલ અંબાણી, રિલાયન્સ હોમ ફાયનાન્સના પૂર્વ અધિકારીઓ સહિત ૨૪ અન્ય કંપનીઓ પર ફંડ્સની હેરફેર કરવા બદલ પ્રતિબંધ મૂક્યો છે. તેઓ સિક્યુરિટી માર્કેટમાં કોઈ વ્યવહાર કરી શકશે નહીં. સેબીએ અનિલ અંબાણીને સિક્યુરિટી માર્કેટ માં, કોઈપણ લિસ્ટેડ કંપનીમાં ડિરેક્ટર અથવા કી મેનેજરિયલ પર્સનલ તથા માર્કેટ રેગ્યુલેટર સાથે નોંધાયેલ કોઈપણ મધ્યસ્થી સહિતની ભૂમિકા પર પ્રતિબંધ લાદવા ઉપરાંત રૂ. ૨૫ કરોડની પેનલ્ટી પણ ફટકારી છે. તેમજ રિલાયન્સ હોમ ફાયનાન્સ પર પણ છ માસનો પ્રતિબંધ લાદતાં રૂ. ૬ લાખની પેનલ્ટી ફટકારી છે. સેબીએ ૨૨૨ પાનાના અંતિમ આદેશમાં દર્શાવ્યું હતું કે, અનિલ અંબાણીએ RHFLના મુખ્ય અધિકારીઓની મદદથી ફંડ ઉપાડી ગેરરીતિ આચરી લોન પેટે અન્ય કંપનીઓને આપ્યું હતું. બોર્ડ ઑફ ડિરેક્ટર્સે કૉર્પોરેટ લોનની નિયમિત સમીક્ષા અને આવી લોન પ્રક્રિયા રોકવા માટે સખત નિર્દેશો જારી કર્યા હોવા છતાં કંપની મેનેજમેન્ટે આ આદેશોની અવગણના કરી હતી.



**અનિલ અંબાણીને ૨૫ કરોડની પેનલ્ટી ફટકારવામાં આવી**

અનિલ અંબાણીના પ્રભાવ હેઠળ અમુક મુખ્ય અધિકારીઓ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ સંજોગોને જોતાં, ગુનો આચરવામાં વ્યક્તિગત અધિકારીઓની સાથે કંપની પણ પોતે તેટલો જ હિસ્સો બની છે.

વધુમાં, બાકીની કંપનીઓએ ગેરકાયદેસર રીતે ફંડ્સ ડાયવર્ઝન કરવા ગેરકાયદેસર રીતે લોન મેળવવાની ભૂમિકા ભજવી છે. જેથી તેમના પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. અનિલ અંબાણીએ છઉછ ગ્રુપના ચેરપર્સન તરીકેના પદનો અને હોલ્ડિંગ કંપનીમાં તેમના નોંધપાત્ર પરોક્ષ શેરહોલ્ડિંગનો દુરુપયોગ કરી છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળ્યું છે. કંપનીના મેનેજમેન્ટ અને પ્રમોટરે પોતાની સત્તાનો દુરુપયોગ કરતાં કોઈપણ પ્રકારની સંપત્તિ, રોકડ પ્રવાહ, નેટવર્થ અને આવક ન ધરાવતી કંપનીઓની હજારો કરોડની લોન મંજૂર કરી હતી. જેઓ લોન ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હતા. જેમાં મોટાભાગના દેણદારો રિલાયન્સ હોમ્સના પ્રમોટર્સ સાથે જોડાયેલા હોવાનું જાણવા મળ્યું છે.

રિલાયન્સ હોમ ફાયનાન્સે હજારો કરોડ રૂપિયાની લોનમાં ગેરરીતિ કર્યા બાદ ડિફોલ્ટ થઈ હતી. આ કૌભાંડ જાહેર થતાં શેરની કિંમત બે વર્ષમાં જ રૂ. ૬૦થી ૦.૭૫ થઈ હતી. અત્યારે પણ ૯ લાખથી વધુ શેરધારકો મોટા નુકસાનનો સામનો કરી રહ્યા છે. ૨૪ પ્રતિબંધિત સંસ્થાઓમાં રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડના ભૂતપૂર્વ મુખ્ય અધિકારીઓ અમિત બાપ્રા, રવિન્દ્ર સુધલકર અને પિંકેશ આર શાહ સામેલ છે. જેમને પ્રતિબંધ અને પેનલ્ટીની સજા થઈ છે. અનિલ અંબાણી પર રૂ. ૨૫ કરોડ, બાપ્રા પર રૂ. ૨૭ કરોડ, સુધલકર પર રૂ. ૨૬ કરોડ અને શાહ પર રૂ. ૨૧ કરોડની પેનલ્ટી ફટકારાઈ હતી.

## કેન્દ્રની સુરક્ષા અંગે શરદ પવારનો ટોણો

મુંબઈ, તા.૨૩

નેશનલિસ્ટ કોંગ્રેસ પાર્ટી પ્રમુખ શરદ પવારે કેન્દ્ર પર જાસૂસી કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, શક્ય છે કે મારી ઈન્ફર્મેશન કાઢવા માટે મારી સિક્યોરિટી વધારવામાં આવી છે. મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી આવવાની છે. કદાચ તેમને કોઈ જરૂરી જાણકારી જોઈએ. તેથી આ વ્યવસ્થા કરવામાં આવી હશે.

પવારે કહ્યું, ગૃહ મંત્રાલયના એક અધિકારીએ મને જણાવ્યું કે ત્રણ લોકોને ઝેડ પ્લસ સુરક્ષા આપવામાં આવશે. હુ તેમાંથી એક છુ. મે પૂછ્યું કે અન્ય ૨ કોણ છે. મને જણાવવામાં આવ્યું કે ઈજીજી પ્રમુખ મોહન ભાગવત અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ છે. કેન્દ્ર સરકારે ૨૧ ઓગસ્ટે મહારાષ્ટ્રમાં મરાઠા અનામત વિરોધી પ્રદર્શનોને જોતાં શરદ પવારને Z સિક્યોરિટી આપી હતી. ૧૦ વધુ CRPF જવાન પવારની સુરક્ષામાં તૈનાત કરવામાં આવ્યા છે. અમુક દિવસો પહેલા રાજ્યમાં અનામત વિરોધી પ્રદર્શનોને લઈને ગુપ્ત એજન્સીઓએ તેમની સુરક્ષાને લઈને એલર્ટ જાહેર કર્યું હતું.

દેશના સન્માનિત લોકો અને નેતાઓને જીવનું જોખમ હોવાથી તેમને ઢ સિક્યોરિટી આપવામાં આવે છે. આ સુરક્ષા મિનિસ્ટર્સને મળનારી સિક્યોરિટીથી અલગ હોય છે. પહેલા સરકારને આ માટે એપ્લિકેશન આપવી પડે છે, જે બાદ સરકાર ગુપ્ત એજન્સી દ્વારા જોખમનો અંદાજ લગાવે છે. જોખમની વાત કન્ફર્મ થયા બાદ સુરક્ષા આપવામાં આવે છે. હોમ સેક્રેટરી, ડાયરેક્ટર જનરલ અને ચીફ સેક્રેટરીની કમિટી એ નક્કી કરે છે કે સંબંધિત લોકોને કઈ કેટેગરીમાં સિક્યોરિટી આપવામાં આવે.


પોલીસની સાથે-સાથે ઘણી એજન્સી VIP અને VVIP ને સિક્યોરિટી કવર આપી રહી છે. તેમાં સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ એટલે કે SPG, NSG, ITBP અને CRPF સામેલ છે. જોકે, ખાસ લોકોની સુરક્ષાની જવાબદારી NSG ના ખભે હોય છે, પરંતુ જે રીતે Z સિક્યોરિટી લેનારની સંખ્યા વધી છે, તેને જોતાં CISFને પણ આ કાર્ય સોંપવામાં આવી રહ્યું છે.

## યુક્રેનમાં વડાપ્રધાને કહ્યુ ભારત શાંતિના પક્ષમાં

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુક્રેન મુલાકાતે છે. તેમણે યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કી સાથે બેઠક યોજી ચર્ચાઓ કરી હતી.વડાપ્રધાન મોદીએ જેલેન્સ્કીને મળ્યા બાદ કહ્યું કે, યુદ્ધથી સમસ્યાનું સમાધાન થઈ શકે નહીં. વાતચીત અને રણનીતિના આધારે સમસ્યા ઉકેલાય છે. બંને પક્ષે એકબીજા સાથે વાતચીત શરૂ કરવી જોઈએ. સમય વેડફ્યા વિના રશિયા-યુક્રેનને એકબીજા સાથે વાત કરવી જોઈએ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દિવસોમાં યુરોપમાં છે. ત્યારે પીએમ મોદી ટ્રેન દ્વારા યુદ્ધગ્રસ્ત યુક્રેન પહોંચ્યા હતા તેમની મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે વાતચીત કરી હતી તેમણે યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ પર પણ ચર્ચા કરી હતી પીએમ મોદીની કિવ મુલાકાત દરમિયાન ભારત અને યુક્રેન વચ્ચે ચાર સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી વચ્ચે મુલાકાત થઈ હતી. જેમાં સાંસ્કૃતિક ક્ષેત્રે સહકાર, આરોગ્ય ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રે સહકાર અને માનવીય સહાય અંગે કરારો થયા હતા.વડાપ્રધાનની મુલાકાત અંગે કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે પોલેન્ડ અને યુક્રેનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદીનો શાંતિ અને કૂટનીતિનો સંદેશ માત્ર આ મુલાકાતમાં જ નહીં પરંતુ અન્ય દેશોમાં ગુંજી રહ્યો છે.પીએમ નરેન્દ્ર મોદીના યુક્રેન પ્રવાસને લઈને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે કહ્યું કે પીએમ મોદીની યુક્રેનની મુલાકાત રશિયા-યુક્રેન યુદ્ધને રોકવામાં મદદરૂપ થશે.યુક્રેનના રાષ્ટ્રપતિ વોલો-ડીમિર ઝેલેન્સકીને મળ્યા બાદ મોદીએ ટ્વિટર પર ટ્વિટ કર્યું હતું. પીએમએ લખ્યું કે મેં અને રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ કિવમાં શહીદ વિજ્ઞાની પ્રદર્શનમાં શ્રદ્ધાંજલિ આપી. તેણે લખ્યું કે રશિયા-યુક્રેન સંઘર્ષ ખાસ કરીને બાળકો માટે વિનાશક છે. આ સંઘર્ષમાં જીવ ગુમાવનારા બાળકોના પરિવારો પ્રત્યે મારી સંવેદના છે. હું પ્રાર્થના કરું છું કે તેને આ નુકસાન સહન કરવાની શક્તિ મળે. વડાપ્રધાન મોદી અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી કિવમાં મળ્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ ઝેલેન્સકીના ખભા પર હાથ રાખ્યો અને તેમની સાથે ગંભીર ચર્ચા કરી. વડાપ્રધાન





નરેન્દ્ર મોદીએ યુક્રેનના કિવમાં મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. પીએમ મોદીએ જૂનમાં ઈટાલીના અપુલિયામાં જી-૭ સમિટ દરમિયાન ઝેલેન્સકી સાથે વાત કરી હતી. વાતચીત દરમિયાન, મોદીએ યુક્રેનના રાષ્ટ્રપતિને કહ્યું હતું કે ભારત યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપવા માટે શક્ય તેટલું બધું કરશે.અહીં તેઓ ભારતીય સમુદાયના લોકોને પણ મળ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કર્યું, ’આજે સવારે કિવ પહોંચ્યા. ભારતીય સમુદાયે મારું ખૂબ જ ઉષ્માભર્યું સ્વાગત કર્યું.૧૯૯૧માં સોવિયત યુનિયનથી અલગ થયા બાદ ભારતીય વડા પ્રધાન દ્વારા યુક્રેનની આ પ્રથમ મુલાકાત છે.આ બેઠક યુદ્ધગ્રસ્ત દેશની ઐતિહાસિક મુલાકાતનો ભાગ હતો. વડાપ્રધાને ઝેલેન્સકીને ગળે લગાડ્યા અને તેમના ખભા પર હાથ મૂક્યો. જ્યારે બંનેએ શહીદ શાસ્ત્રી પ્રદર્શનમાં હત્યા કરાયેલા બાળકોને શ્રદ્ધાંજલિ આપી ત્યારે ઝેલેન્સકી ભાવુક થઈ ગયા. આ પછી બંને નેતાઓ વચ્ચે ઉચ્ચ સ્તરીય વાતચીત શરૂ થઈ હતી ૨૦૨૨માં યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ ભારત તરફથી આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત છે. આના એક મહિના પહેલા મોદીએ રશિયાની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી. ત્યારે ઝેલેન્સકીએ પુતિન સાથેની મોદીની મુલાકાતની ટીકા કરી હતી.યુરોપિયન યુનિયનના મહાસચિવ એન્ટોની ગુટેરેસના પ્રવક્તા સ્ટીફન દુજારિકે અપેક્ષા વ્યક્ત કરી છે કે, વડાપ્રધાન મોદીનની યુક્રેન મુલાકાત શાંતિ લાવવામાં મદદગાર સાબિત થશે. દુજારિકે કહ્યું કે, છેલ્લા થોડા સમયમાં અનેક મોટા દેશોના નેતાઓ કીવની મુલાકાત લીધી હતી. અમને અપેક્ષા છે કે, મોદીની આ મુલાકાતની અસર જોવા મળશે. જે રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપિત કરવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે.વિદેશ મંત્રી એલ જયશંકરે કહ્યું હતું કે મોદીએ યુક્રેનના રાષ્ટ્રપતિ સાથે યુક્રેન રશિયા યુધ્ધને લઈને પણ વાત કરી વડાપ્રધાને કહ્યું ભારતનો વિચાર છે કે સમાધાન શોધવા માટે બંન્ને પક્ષોએ એક બીજાની સાથે જોડાવાની જરૂર છે મોદી જેલેસ્કીની મંત્રણા કેટલીક હદે સૈન્ય સ્થિતિ અને શાંતિના સંભવિત માર્ગ પર કેન્દ્રીત રહી હતી.વડાપ્રધાન મોદીએ શાંતિની તાકિદે વાપસી માટે હર સંભવ રીતે યોગદાન કરવાની ભારતની ઈચ્છા વ્યકત કરી હતી વાર્તા ખુબ વિસ્તૃત ખુલ્લી અને અનેક રીતે રચનાત્મક રહી એ વાત પર પણ ચર્ચા થઇ કે આ ચર્ચાઓને આગળ વધારવાના પ્રભાવી પ્રયાસો શું હોઇ શકે છે તેમણે કહ્યું કે યુક્રેન વૈશ્વિક શાંતિ શિખર સંમેલનમાં ભારતની નિરંતર ભાગીદારી ઈચ્છે છે.નરેન્દ્ર મોદી અને જેલેસ્કી વચ્ચે થયેલી ચર્ચા આપણા દ્વિપક્ષીય સંબંધો માટે સમર્પિત હતી તેમાં વ્યાપાર,આર્થિક મુદ્દા રક્ષા ફાર્માસ્યુટિકલ્સ કૃષિ શિક્ષણની બાબતે ચર્ચા થઈ બંન્ને નેતાઓએ અંતર સરકારી આયોગને પણ કામ સોંપ્યું છે. જેમાં મંત્રી કુલેબા અને હું સહ અધ્યક્ષ છીએ.

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફમાંથી બહાર કાઢશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રોમાન્સ તમારી તરફ આવી શકે છે. જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાની તમારી ક્ષમતા તમને માન અપાવશે.

**વૃષભ :**
આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. સંબંધીઓ તથા મિત્ર-ો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આજે રોમાન્સની આશા નથી. આજે તમે તમારા મગજને ક્સોટીની એરણ પર મુક્શો-તમારામાંના કેટલાક શતરંજ, ક્રોસવર્ડ રમવા પ્રેરાશે તો કેટલાક વાર્તા કે કવિતા લખવા અથવા ભાવિ યોજનાઓ ઘડવા તરફ વળશે. આજે તમારા જીવનસાથી તમને તેમની બહુ સારી ન કહેવાય એવી બાજુ દેખાડશે.

**મિથુન :**
આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે-લાગે છે કે તમને તમારો સાચો સાથી મળી ગયો છે. સેમિનાર તથા પ્રદર્શન તમને નવું જ્ઞાન તથા નવા સંપર્કો આપશે. સ્ત્રીઓ ગુરુ ગ્રહની છે અને પુરુષો મંગળના. પણ આજે એવો દિવસ છે જ્યારે ગુરુ અને મંગળ એકમેકમાં ઓગળી જશે. આજે રાત્રે તમે ફોન પર તમારી નજીક ના કોઈ ની સાથે લાંબા સમય સુધી વાત કરી શકો છો.

**કર્ક :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રોજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. ઘરમાં કોઈક વિધિ અથવા મંગળ સંસ્કાર થવા જોઈએ. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે. એવી બાબતો નું પુનરાવર્તન કરવું કે જેને લીધે તમારા જીવન માં કોઈ મહત્વ નથી. આ કરી ને તમે તમારો સમય બગાડશો અને બીજું કંઇ નહીં. આજે તમારા જીવનસાથી અને તમારી વચ્ચે ઊંડાણભરી અને અર્થસભર રોમેન્ટિક વાતચીત થશે. સ્વાસ્થ્ય ની દૃષ્ટિએ દોડવું તમારા માટે ફાયદાકારક રહેશે, કારણ કે તે મફત છે અને સારી કસરત પણ છે.

**સિંહ :**
આજના દિવસે થોડી મોજ-મજા માટે ઓફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચુપાત કરશે. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે. સમય કરતાં મોટું કંઈ હોતું નથી. તેથી જ તમે સમય નો સારો ઉપયોગ કરો છો, પરંતુ કેટલીકવાર તમારે જીવન ને સરફ બનાવવા ની જરૂર છે અને તમારા પરિવાર સાથે સમય વિતાવવા ની જરૂર હોય છે. કોઈ સંબંધી,મિત્ર અથવા પાડોશી આજે તમારા લગ્નજીવનમાં તણાવ પેદા કરી શકે છે. આ દિવસ ખૂબ સારો હોઈ શકે છે - તમે મિત્રો અથવા કુટુંબીઓ સાથે બહાર જઇને ફિલ્મ જોવાની યોજના પણ બનાવી શકો છો.

**કન્યા :**
આજના દિવસે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે કમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો. તમારી જીવનસંગિનીને નિયમિત ધોરણે સરપ્રાઈઝ આપો, અન્યથા તેને લાગશે કે તમારા જીવનમાં તેનું કોઈ મહત્વ જ નથી. સસાહ ના દિવસે સ્માર્ટફોન સ્ક્રીન પર બોસ નું નામ કોને જોવા નું પસંદ છે?

**તુલા :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પારિવારિક જવાબદારી તરફ તમારું બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. આજે જો તમે ખરેખર લાભ મેળવવા માગતા હો તો-અન્યેના દ્વારા આપવામાં આવતી સલાહને કાને ધરજો. તમને જો લાંબા સમયથી સ્થાપિત હોવાની અનુભૂતિ થતી હોય તો આજે તમને આશીર્વાદ મળવાની અનુભૂતિ થશે.પ્રેમ થી મોટી કોઈ ભાવના હોતી નથી, તમારે તમારા પ્રેમી ને કેટલીક એવી વાતો પણ જણાવવી જોઈએ કે જેના થી તમારો આત્મવિશ્વાસ વધશે અને પ્રેમ નવી ઊંચાઈ મેળવશે.

**વૃશ્ચિક :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ. તમને તેમની પરવા છે એવી લાગણી તેમને અનુભવવા દો. પ્રવાસને કારણે રોમેન્ટિક સંબંધોને વેગ મળશે. વ્યસ્ત દિનચર્યા છતાં પણ તમે પોતાના માટે સમય કાઢવા માં સક્ષમ હશો. ખાલી સમય માં તમે કઈક રચનાત્મક કરી શકો છો. તમે તમારા જીવનસાથીના પ્રેમને ઝંખતા હતા, આજનો દિવસ તમને તમારા જીવનસાથીના પ્રેમ આશીર્વાદ રૂપે આપશે. આજે તમારા વ્યક્તિત્વને નિખારવા માં ખર્ચ કરી શકાય છે.

**ધન :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથે તમારે ધીરજપૂર્વક કામ લેવું પડશે. અણધાર્યો રોમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે. આજે તમે તમારા કામ થી આરામ લઈને તમારા જીવનસાથી સાથે થોડો સમય પસાર કરી શકો છો. આજનો દિવસ તમને તમારા સાથીની રોમેન્ટિક બાજુની અંતિમ હદ દેખાડશે. તમને આજે આ ફરિયાદ હોઈ શકે છે કે તમારા મિત્રો તમારા માટે કામ નથી આવતા.

**મકર :**
આજના દિવસે તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફ્ફ પણ થાય. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે. અપાર રચનાત્મકતા અને ઉત્સાહ તમને વધુ એક લાભકારક દિવસ તરફ દોરી જશે. તમારા જીવનસાથી આજે અનાયાસે જ કશુંક અદભુત કરશે, જે તમારી માટે ખરેખર અવિસ્મરણીય બની રહેશે. તમારા પ્રિયજનો સાથે મૂવી જોવી એ ખૂબ સરસ અને મનોરંજક છે.

**કુંભ :**
આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. એકાએક થયેલો રૉમેન્ટક મેક્ાપ તમને મૂંઝવી નાખશે. સંવાદ સાધવાની તમારી કક્ા પ્રભાવિત કરનારી રહેશે. લગ્નજીવનમાં એક મુશ્કેલ તબક્કા બાદ તમે આજે એક નવી સવાર જોશો. ગ્રહો દર્શાવે છે કે ત્યાં ઘણી ધાર્મિક પ્રવૃત્તિ થઈ શકે છે, જેના માટે તમે મંદિર માં જઈ શકો છો, દાન ધર્મ પણ શક્ય છે અને ધ્યાન પણ કરી શકાય છે.

**મીન :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાક્જી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુ્ ઘજો. ચમારી પરિસ્થિતિ વિશે તમારા સાથીદારને સમજાવવામાં તમને ખૂબ મુશ્કેલી પડશે. તમે આજે કોઈ મિત્ર સાથે સમય પસાર કરી શકો છો, પરંતુ આ સમય દરમિયાન તમારે દારૂ નું સેવન કરવા નું ટાફ્વું જોઈએ, નહીં તો તે સમય નો વ્યય થઈ શકે છે.

## રૂ.૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરતા કૃષિ મંત્રી : જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર,રાજકોટ,આણંદ, ભરૂચ, સુરત,નવસારી અને તાપી જિલ્લાના કુલ ૪૫ તાલુકાનો સમાવેશ

# જગતના તાતને સરકારનો સાથ | નુકશાનગ્રસ્ત વિસ્તારના ખેડૂતો માટે સહાય પેકેજ જાહેર

ગાંધીનગર તા.૨૩
વિધાનસભા ગૃહ ખાતે જાહેર અગત્યની બાબત પર નિવેદન અને ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરતા કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં જુલાઈ '૨૪ માસ દરમિયાન વરસેલા અનરાધાર વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે, આવી વિકટ પરિસ્થિતિમાં જગતના તાતને આર્થિક નુકશાનીમાં સહાયરૂપ થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારા રૂ.૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ગુજરાત સરકારનો અભિગમ હંમેશા ખેડૂતલક્ષી રહ્યો છે. રાજ્યના ખેડૂતો પર આવેલી કુદરતી આપદાના સમયે ભારત અને ગુજરાત સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે અડીખમ ઉભી છે. ખેડૂતોને વાવણીના શરૂઆતના તબક્કે નુકશાનીમાં સહાય મળે અને તેઓ ઝડપભેર ફરી વાવેતર કરી શકે તે માટે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને તાત્કાલિક ધોરણે આ ખેડૂત હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે, રાહત પેકેજ અંગે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, ગત જુલાઈ માસમાં જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત,નવસારી અને તાપી જિલ્લાના કુલ ૪૫ તાલુકામાં અનરાધાર વરસાદે આશરે ૪,૦૬,૮૯૨ હેક્ટર વિસ્તાર ભારે વરસાદથી અસરગ્રસ્ત થયો હતો, આ અસરગ્રસ્ત વિસ્તારમાં ૨૭૨ ટીમોની રચના કરી વિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો છે,જેના આધારે આશરે ૧.૫૦ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે, નિયત કરાયેલા ધોરણો અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, અસરગ્રસ્ત ખેડૂતોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણો મુજબ પાક નુકશાની માટે સહાય અપાશે, સાથે જ નુકશાનની તીવ્રતાને ધ્યાને રાખીને રાજ્ય ભંડોળમાંથી /રાજ્ય બજેટ હેઠળ વધારાની ટોપ અપ સહાય અપાશે. કૃષિ મંત્રીએ વધુમાં કહ્યું હતું કે,નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં વંટોળ સાથે વરસેલા ભારે વરસાદને કારણે ચીકુ અને આંબા જેવા બાગાયતી પાકોના ઝાડ પડી જવા, તૂટી જવા તેમજ પાક પડી જવાથી વ્યાપક નુકસાન થવાના અહેવાલો મળ્યા છે. ખેડૂતોને આર્થિક નુકશાન ન થાય તે માટે નોંધપાત્ર સહાયની જાહેરાત કરવામાં આવી છે, ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાય ચૂકવવા પાત્ર રકમ રૂ. ૩,૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂ.૩૫૦૦ ચૂકવવામાં આવશે. ધરતીપુત્રો માટે રાજ્યની તિજોરી ખુલ્લી રાખવા બદલ કૃષિ મંત્રીએ વિધાનસભા ગૃહ ખાતે ખેડૂતો વતી મુખ્યમંત્રી તેમજ નાણાં મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સરકાર દ્વારા આપવામાં આવનાર સહાયથી ખેડૂતોને નુકશાનીમાં ચોક્કસપણે રાહત મળશે. અત્રે નોંધનીય છે કે, ખેડૂતોને સહાય આપવા અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ગામોની યાદી જાહેર કરવામાં આવશે, નુકસાન ધરાવતા ખાતેદાર ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટર પરથી સાધનિક આધાર પુરાવા સાથે ડિજીટલ ગુજરાત પોર્ટલ પર અરજી કરવાની રહેશે, આ ઉપરાંત નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા માટે નિયત નમુનાની અરજી તાલુકા વિકાસ અધિકારીને કરવાની રહેશે.

### રાજ્ય સરકારે નિયત કરેલા ધોરણો

૧ ખરીફ ૨૦૨૪/૨૫ ઋતુના વાવેતર કરેલા બિનપિયત ખેતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે નોર્મ્સ મુજબ રૂ.૮,૫૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૨,૫૦૦ સહાય મળી કુલ રૂ. ૧૧,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે.

૨ વર્ષાયુ અથવા પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે નોર્મ્સ મુજબ રૂ. ૧૭,૦૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ.૫,૦૦૦ સહાય મળી કુલ રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે,

૩ બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે નોર્મ્સ મુજબ રૂ. ૨૨,૫૦૦ પ્રતિ હેક્ટર લેખે. ઉપરોક્ત તમામ સહાય સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના નિયમ મુજબ ખાતાદીઠ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં જ સહાય આપવામાં આવશે.

## જમીન અને પાણીની નબળી ગુણવત્તા છતાં પ્રાકૃતિક ખેતીથી નોંધપાત્ર ઉત્પાદન મળે

### ચોબારીના ગામના ખેડૂતની કિસ્મત પ્રાકૃતિક ખેતી શરૂ કરતા જ બદલાઇ ગઈ

ભુજ તા.૨૩
કચ્છ ભચાઉ તાલુકાના ચોબારીના ગામના ખેડૂત લાલજી કરસન ચાવડાની કિસ્મત પ્રાકૃતિક ખેતી શરૂ કરતા જ બદલાઇ ગઇ છે. તેઓ જણાવે છે કે, અમારા વિસ્તારમાં ખારી જમીન તથા ખારા પાણીના કારણે રાસાયણિક ખેતીમાં કોઇ જ ફાયદો થતો ન હતો, પરંતુ આત્મા સાથે જોડાયા પછી તેઓના માર્ગદર્શન અને પ્રેરણાથી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળતા જમીન અને પાણીની ગુણવત્તા તો સુધરી છે પરંતુ આ જ ખેતીમાં પહેલા કરતા વધુ ઉત્પાદન અને આવક પ્રાપ્ત થઈ રહી છે.

ખેડૂત લાલજીભાઇ ઉમેરે છે કે,વર્ષ ૨૦૧૦થી આત્મા સાથે જોડાયેલો છું અનેક તાલીમમાં ભાગ લીધો છે. ધીરે ધીરે રાસાયણિક ખેતી છોડીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યો છું, વર્ષ ૨૦૨૦ થી પ્રાકૃતિક કૃષિ કરું છું. જેના મીઠા પરિણામની વાત કરુ તો, અમારા વિસ્તારમાં બંજર જેવી જમીન તથા ખારા પાણીના વચ્ચે અનેક રાસાયણિક દવા તથા ખાતરના ખર્ચ છતાં માંડ ઉત્પાદન મેળવતા હતા ત્યાં હવે પ્રાકૃતિક ખેતીની દ્રશ્ય જ પલટાઇ ગયું છે વધુ ખરાબ જમીન તથા પાણીના વધુ ટીડીએસના કારણે રાસાયણિક ખેતીમાં નબળા ઉત્પાદન સાથે ખર્ચ વધી જતો હતો પરંતુ પ્રાકૃતિક ખેતીમાં આ પરિબળો વચ્ચે પણ આસાનીથી ખેતી કરી શકાય છે, ઉલ્ટાનું પ્રાકૃતિક ખેતીમાં પિયતની જરૂર ઓછી રહે છે તેમજ આ ખેતીના ફાયદા થકી જમીન અને પાણીની ગુણવત્તા સુધરતી હોવાથી તેનો ફાયદો મને પણ થયો છે. હાલ મારી જમીન અને પાણી બંનેની ગુણવત્તા સુધરતા ગત વર્ષ જીરૂનું મબલક ઉત્પાદન થયું હતું. હાલ લાલજીભાઇ પ્રાકૃતિક ખેતીમાં જીરૂ,ઘાસચારો, રાયડો, ખારેક, કપાસ, મગફળી જેવા પાકો સફળતાપૂર્વક લઇ રહ્યા છે. રાસાયણિક ખેતીમાં દવાઓ અને ખાતરનો ખર્ચો વધી જતો હતો, જેથી નફો બચતો જ ન હતો ઉપરથી જમીન વધુ ને વધુ ખરાબ થઇ રહી હતી જયારે પ્રાકૃતિક ખેતીમાં દવા અને ખાતરનો ખર્ચ જીરો છે. ગાયના આધારિત ખેતી હોવાથી દવા અને ખાતર જાતે જ બનાવી લઉં છું. જીવામૃત વાપરવાથી જમીનમાં સૂક્ષ્મ તત્વોનુ પ્રમાણ વધે છે જેથી અલગથી જૈવિક ખાતર આપવાની જરૂર પડતી નથી. આમ, પાકની ગુણવત્તા પણ સુધરે છે. આમ, પ્રાકૃતિક ખેતી થકી ખર્ચ ઘટ્યો છે અને આવક વધી છે. સરવાળે, પ્રાકૃતિક ખેતી ખેડૂત, પ્રકૃતિ તથા લોકોના સ્વાસ્થ્ય માટે વરદાનરૂપ છે.

## નવાગામના ખેડૂત પ્રાકૃતિક ખેતીથી ઘઉં, ડુંગળી તથા ધાણાનો માતબર પાક મેળવે છે

### પ્રાકૃતિક ખેતીના કારણે ગુણવત્તાયુકત પેદાશ સાથે જમીનમાં પોષકતત્વોનું પ્રમાણ વધતા જમીન ફળદ્રુપ બની

ભુજ તા.૨૩
કચ્છમાં પ્રાકૃતિક ખેતીના વધતા જતા વ્યાપ વચ્ચે અંજારના નવાગામના વિજય પેથાભાઇ સથવારા વર્ષ ૨૦૧૮થી પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા છે,તેઓ પ્રાકૃતિક ખેતીમાં ઘઉં, ડુંગળી, ધાણા વગેરે પાકોનું વાવેતર કરી માતબર આવક રળી રહ્યા છે. વિજયભાઇ પ્રાકૃતિક ખેતી અંગે જણાવે છે કે, ચાર ગાયના પાલન સાથે વર્ષ ૨૦૧૮થી પ્રાકૃતિક કૃષિ કરું છું, જીવામૃત, નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને ઘનજીવામૃત બનાવી, આચ્છાદન અને મિક્સ પાકોનું પણ વાવેતર કરું છું. આત્મા યોજના સાથે જોડાયેલ હોવાથી ભુજ તથા શંખેશ્વર ખાતે યોજાયેલી પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવી હતી. ખેતીવાડી, આત્માના અધિકારીઓની મદદથી મેં પ્રાકૃતિક કૃષિ અપનાવી છે. રાસાયણિક ખેતીના નુકશાન અંગે જણાવતા તેઓ ઉમેરે છે કે,રાસાયણિક ખેતીમાં દવા અને ખાતરનો ખર્ચો વધી જાય છે. નિંદણ પણ વધારે ઊગે છે અને મજુરી ખર્ચ વધુ થાય છે, જમીનનું બંધારણ બગડે છે ઉપરાંત પાકની ગુણવત્તા સારી હોતી નથી.

પાણીની ગુણવતા બગડે છે તથા જમીનમાં ક્ષારનું પ્રમાણ વધે છે. રાસાયણિક ખેતીમાં પાકને વધુ પિયતની જરૂર પડે છે, જયારે



પ્રાકૃતિક ખેતીમાં કોઇપણ નુકશાન નથી, પ્રકૃતિ, ખેડૂત તથા નાગરિકોને ફાયદા જ ફાયદા છે. પ્રાકૃતિક કૃષિમાં ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક પેદાશના સારા ભાવ મળે છે. જમીન ફળદ્રુપ અને બંધારણ સુધરે છે, જીવામૃતનો ઉપયોગ કરવાથી મારી જમીનમાં સૂક્ષ્મજીવો અને પોષકતત્વોનું પ્રમાણ વધ્યું છે જમીનની ફળદ્રુપતામાં વધારો થવાથી ઉત્પાદનમાં વધારો થયો છે.

ખેતરમાં રહેલા સૂકા પાંદડાં, ડાળીઓ વગેરેનું આચ્છાદાન કરવાથી જમીનની ભેજ ધારણ શક્તિમાં વધારો થયો છે. વધુમાં નીંદણનું નિયંત્રણ થઈ જાય છે, જમીનમાં અળસિયા વધતા જમીન વધુ ફળદ્રુપ બને છે છીદ્રો વધી જતાં વરસાદનું પાણી જમા થતું નથી અને જમીનમાં ઉતરી જાય છે.

## લખપત તાલુકા મથક દયાપર પંચાયતનો વહીવટ ઈન્ચાર્જ તલાટીના સહારે




### છેલ્લા આઠ દશ મહિનાથી કાયમી તલાટી તેમજ લાંબા સમયથી સહમંત્રીની ખાલી જગ્યા અનેક રજુઆતો છતાં ભરાતી જ નથી

દયાપર તા.૨૩
વિકાસશીલ ગણાતા તાલુકાના મુખ્ય મથક દયાપરની ગ્રામ પંચાયતમાં છેલ્લા આઠ દસ મહિનાથી કાયમી તલાટી નથી, તેમજ લાંબા સમયથી અહીં સહમંત્રીની પણ જગ્યા ખાલી પડેલી છે, તલાટીની ખાલી પડેલ જગ્યાનો અન્ય ગામના તલાટીઓનેચાર્જઆપીનેઈન્ચાર્જ તલાટીના સહારે વહીવટ ચલાવવામાં આવી રહ્યો છે, અહીં કાયમી તલાટી ન હોવાને કારણે ગ્રામ પંચાયતમાં રોજીંદા કામકાજ માટે આવતા લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

મુખ્ય મથક એવા દયાપર ગ્રામ પંચાયત કચેરીમાં મહિનાઓથી કાયમી તલાટી નથી, સ્થાનિક આગેવાનોની અનેક વખતની રજૂઆતો છતાં પણ કોઈ પરિણામ નહીં મળતાં સંબંધિત તંત્ર પ્રત્યે લોકોમાં રોષ ભારે ફેલાયો છે, થોડા સમય અગાઉ જિલ્લામાં થયેલી તલાટીઓની ભરતી પ્રક્રિયા દરમિયાન તાલુકામાં પડેલ અમુક ગ્રામ પંચાયતોમાં તલાટીઓ મુકાયા હતા,પરંતુ ગમે તે કારણે તાલુકા મથક દયાપરને જ બાકાત રાખવામાં આવતા રાજકીય કિન્નખોરી હોવાનો પણ અમુક આગેવાનો આક્ષેપ કરી રહ્યા છે,અહીં આ ખાલી જગ્યામાં અગાઉ મેઘપરના તલાટીને ચાર્જ સોંપવામાં આવ્યો હતો બાદ છેલ્લા થોડા દિવસોથી અહીંની આ કચેરીનો ચાર્જ દોલતપરના તલાટીને સોંપવામાં આવ્યો, તે રજામાં હોવાથી અહીંનો ચાર્જ હાલ નાની વિરાણીના તલાટીને સોંપ વામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગામની મુખ્ય વસ્તી ધરાવતા પાટીદારો સામાજિક પ્રસંગો દરમિયાન પોતાના માદરે વતન આવતા હોય છે તેમજ હાલમાં આવી રહેલા શ્રાવણી પર્વ સાતમ આઠમને લઈને પણ અહીં મોટી સંખ્યામાં લોકો પોતાના વતન આવ્યા છે ત્યારે તેઓ પોતાના ગ્રામ પંચાયતને લગતા વેરા કે અન્ય કામકાજ માટે કચેરીએ જતા હોય છે પરંતુ કાયમી તલાટી જ ન હોવાને કારણે તેઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે, ગ્રામ પંચાયતના મહિલા સરપંચ પ્રતિનિધિ અને ગામના આગેવાન હસમુખ પટેલે જણાવ્યું હતું કે, કાયમી તલાટી ન હોવાથી અહીંની પંચાયતમાં આવતા અરજદારોને જન્મ મરણના દાખલા, મકાન મિલકત વેરા ભરવા સહિત પંચાયતને લગતા કામોમાં મુશ્કેલી પડી રહી છે અને તેની અસર વસૂલાતમાં પણ પડી રહી છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે, અહીં કાયમી તેમજ અનુભવી તલાટી મૂકવામાં આવે તે માટે જિલ્લા કક્ષાએ રજૂઆતો કરવામાં આવી છે, છતાં પણ કોઈ તલાટીને અહીં મૂકવામાં આવ્યા નથી, વહેલી તકે અહીં કાયમી તલાટી તેમજ સહમંત્રી મૂકવામાં આવે તેવી માંગ તેમણે દોહરાવી હતી.

## ભુજ તાલુકાના કોટડા આથમણાની દેવીપુજક વસાહત ત્રણ માસથી પાણીથી વંચિત

ભુજ તા.૨૩
તાલુકાના કોટડા આથમણા ના દેવીપુજક સમુદાયના ૪૦ જેટલા પરિવારો છેલ્લા ત્રણ માસથી પીવાના પાણીથી વંચિત રહેતા પાણી પુરવઠા અધિક્ષક, કાર્યપાલક ઈજનેરને લેખિતમાં આવેદનપત્ર પાઠવી, ત્વરિત યોગ્ય નહીં કરાય તો પાણી પુરવઠા કચેરી સમક્ષ ધરણા કાર્યક્રમ આપવાની ચીમકી કોંગ્રેસે આપી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.કે. હુંબલની આગેવાની તળે કેસા જીણા દેવીપુજક, વિનોદ મુળજી દેવીપુજક, અશોક નારાણ દેવી પૂજક, ગની કુંભાર, ધીરજ ગરવા વિગેરેના પ્રતિનિધિમંડળે આવેદન પત્ર આપ્યું હતું.આ તબક્કે શ્રી હુંબલે રોષ પૂર્વક જણાવ્યું હતું કે, ભુજ તાલુકાના કોટડા આથમણા ગામે




### સતત ૨૦ દિવસથી પાણી પુરવઠા વિભાગમાં રજૂઆતો બાદ પરિણામ ન મળતાં કોંગ્રેસની આંદોલનની ચીમકી

છેલ્લા ત્રણ મહિનાથી પાણી પુરવઠાની લાઈનમાંથી વિતરણ કરાતું પાણી દેવીપુજક સમાજ માટે અચાનક બંધ કરી દેવાતા,આ સમુદાય પાણીથી વંચિત રહેલ છે જે હળાહળ અન્યાય છે. એક તરફ સરકાર "નલ સે જલ"યોજના હેઠળ તમામ ઘરોમાં તમામ સમાજને લાઈનથી પાણી આપવાની મોટી મોટી વાતો કરે છે, અને તેનાથી વિપરીત કોટડા આથમણાના દેવી પુજક વસાહતની લાઈન રહસ્યમયી રીતે કાપી પીવાના પાણીથી વંચિત રાખેલ છે. આ બાબતે પાણીપુરવઠાના જવાબદારો ની ઝાટકણી કાઢી, ગ્રા.પં.નાસરપંચ પાસે સ્થાનિકોએ રજૂઆત કરતા તેઓએ આ બાબતે હાથ ઉંચા કરી દેતા શ્રી હુંબલે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું, વધુમાં પા.પુ. વિભાગને જણાવ્યું હતું કે ત્વરિત યોગ્ય કરવામાં નહીં આવે તો દેવીપુજક સમાજને સાથે રાખી અને પાણી પુરવઠા કચેરી ભુજ સમક્ષ આશ્ચર્યજનક કાર્યક્રમો આપવામાં આવશે. રજૂઆત બાદ અધિક્ષક શ્રી નાગરે, કાર્યપાલક ઈજનેર અને સેક્શન ઓફિસરને રૂબરૂ બોલાવી પાણી પુરવઠો પૂર્વવત થાય તે માટે કામગીરી કરવાની ખાતરી આપી હતી, છતાં યોગ્ય નહીં થાય તો કોંગ્રેસપક્ષ દ્વારા જન્માષ્ટમી બાદ લડત ચલાવશે એવી ચીમકી આપી હોવાનું જિલ્લા પ્રવક્તા ગની કુંભાર ની યાદીમાં જણાવાયું હતું.

## માંડવી-ભુજમા લોકમેળાને લઈ તડામાર તૈયારીઓ

ભુજ-માંડવી તા.૨૩
કચ્છના ભુજ- માંડવીમાં લોકમેળાને લઇ તમામ તૈયારીને આખરી ઓપ અપાઇ રહ્યો છે.ટોપણસર તળાવના કિનારે જનભાગીદારીથી ભાતિગળ રાત્રી લોકમેળાનું આયોજન તેમજ વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરવામાં આવશે. નગરપાલિકા મુખ્ય અધિકારી સંજય પટેલે જણાવ્યુ હતું કે, આગામી તારીખ ૨૭ અને ૨૮ એમ બે દિવસીય રાત્રી લોકમેળાનું આયોજન કરવામાં આવેલ છે. સાથે સાથે રૂા.૧૧.૧૪ કરોડના ખર્ચે વિવિધ વિસ્તારોમાં સી.સી.રોડ, સ્ટ્રીટ લાઈટ, જેવા કામોની સાથે દાદાવાડી થી ભુજ ઓક્ટ્રોય સુધી રસ્તા વિસ્તૃતીકરણ તેમજ નલીયા રોડ પર હયાત જુના પાણીના ટાંકાના કંપાઉન્ડમાં નવો ટાંકો બનાવવા કામનું ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે.દીનદયાળ ઉપાધ્યાય ગ્રાઉન્ડ ખાતે માંડવીના ધારાસભ્ય અનિરૂધ્ધ દવે બે દિવસીય મેળાનું ઉદઘાટન કરશે. માંડવી નગરપાલિકાના અધ્યક્ષ હરેશ વિંઝોડા ઉપસ્થિત રહેશે. રાત્રી લોકમેળા દરમ્યાન કરાઓકે, સ્ટેજ સંગીત પાર્ટી લાઈવ કાર્યક્રમ, રમત ગમત, મોટા કાર્ટુન, કઠ પુતળી તેમજ ડુપ્લીકેટ સ્ટાર કલાકારો આકર્ષણ જમાવશે.શહેરના ગૌરવ પથને આકર્ષક રોશનીથી શણગાર કરવામાં આવશે. તો બીજી તરફ ભુજમાં પણ લોકો મેળા માટે પાલિકાએ તૈયારીને આખરી ઓપ આપ્યો છે. ભુજ ધારાસભ્ય સહિતના હસ્તે ઉદ્દઘાટન થનાર મેળો હમિરસર કાંઠે યોજાય છે. જેમાં ભુજ ઉપરાંત કચ્છભરમાંથી લોકો આવે છે ત્યારે મેળાની તૈયારીને હાલ આખરી ઓપ અપાઇ રહ્યો છે. કચ્છમા નાગ પાંચમથી પારંપરીક મેળાની શરૂઆત થાય છે. પરંતુ શહેરી વિસ્તારમા વર્ષોથી યોજાતા મેળા લોકોમા ભારે આકર્ષણ હોય છે ત્યારે તેની તૈયારીઓ હાલ સ્થાનીક તંત્ર દ્વારા શરૂ કરાઇ છે.

## મહેકમ કરતા વધુ હતા તેવા ૪૧ શિક્ષકોને નજીકની શાળામાં સમાવાયા



ભુજ તા.૨૩
જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી દ્વારા શિક્ષણ વિભાગની ગાઈડ લાઈન મુજબ મહેકમ કરતા વધારે શિક્ષક હોય તેવા ૪૧ શિક્ષકોને નજીકની ખાલી જગ્યા વાળી શાળામાં શમાવવામાં આવ્યા હતા. આ અંગે માહિતી આપતાં પ્રા.શિ. અધિકારી સંજય પરમારે જણાવ્યું હતું કે, શિક્ષણ સમિતિના ચેરમેનના અધ્યક્ષ સ્થાને બદલી સમિતિના સદસ્યોની બેઠકમાં શિક્ષણ વિભાગની સૂચનાઓ અને ગાઈડ લાઈન મુજબ મહેકમ કરતા વધારે શિક્ષક હોય તેવા ૪૧ શિક્ષકોને નજીકની ખાલી જગ્યા વાળી શાળામાં સમાવવામાં આવ્યા હતા. પ્રા.વિભાગમાં ૧૭ અને ઉચ્ચ પ્રા.વિભાગ માં ૨૪ શિક્ષકોને શિક્ષણ સમિતિના ચેરમેન વિરમ ગઢવી તથા જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પરમાર, પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલા તથા ઉપસ્થિત બદલી સમિતિના સભ્યો તથા સંગઠનના હોદેદારોના હસ્તે નજીકની ખાલી જગ્યા વાળી શાળાઓમાં જાહેર કેમ્પ દ્વારા હુકમો વિતરિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યવાહીમાં તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, સંગઠન ના હોદેદારો, કચેરીના હેડ ક્લાર્ક, વહીવટી સ્ટાફ સહિતના કર્મચારીઓ વ્યવસ્થામાં સહયોગી બન્યા હતા.

# FILMY ગપશપ

## UKમાં રમખાણોના પગલે ઈબ્રાહિમ અલીનું શૂટિંગ કેન્સલ



મુંબઈ, તા.૨૩

સૈફ અલી ખાનનો દીકરો અને સારા અલીનો ભાઈ ઈબ્રાહિમ અલી ખાન બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તેની આગામી ફિલ્મનું શૂટિંગ યુકેમાં થવાનું હતું. જો કે યુનાઈટેડ કિંગડમમાં રમખાણોના પગલે શૂટિંગ મુલતવી રખાયુ હોવાનું જાણવા મળ્યું છે. ઈબ્રાહિમ અલી ખાન દિનેશ વિજાનની ફિલ્મ દિલેરનું શૂટિંગ કરી રહ્યો છે. તેના કેટલાક સીન્સ લંડનમાં પણ શૂટ કરવાના હતા. શૂટિંગનું આયોજન થયું ત્યારે યુકેમાં સ્થિતિ શાંત હતી. જો કે સાઉથપોર્ટમાં ત્રણ છોકરીઓની હત્યા બાદ સ્થિતિ વણસી છે. યુકેમાં છોકરીઓને છરીના ઘા મરાયા બાદ ઈમિગ્રન્ટ્સમાં આક્રોશ ફાટી નીકળ્યો છે અને દેખાવો ઉપરાંત રમખામણો શરૂ થયા છે. યુકેની સરકાર અને પોલીસ રમખાણો પર કાબૂ મેળવવા પ્રયાસ કરી રહ્યાં છે, પરંતુ ઈમિગ્રન્ટ્સ અને સ્થાનિકો વચ્ચેનું ઘર્ષણ રોકાતું નથી. યુકેની સ્થિતિને પારખી 'દિલેર'નું શૂટિંગ મોકૂફ રાખવામાં આવ્યું છે. ટીમની સલામતીને પ્રાથમિકતા આપવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

લંડનના બદલે હવે મુંબઈમાં જ કોઈ લોકેશન પસંદ કરવા કવાયત ચાલી રહી છે. ફિલ્મના ડાયરેક્ટર કુણાલ દેશમુખે કેટલાક સીન્સ લંડનમાં શૂટ કરવાનું વિચાર્યુ હતું. લોકેશન ફાઈનલ થઈ ગયા હતા. શૂટિંગ શરૂ કરતાં પહેલાં જુલાઈના છેલ્લા દિવસોમાં ટીમે લંડનની મુલાકાત લીધી હતી. જો કે લંડનમાં રમખાણોના પગલે લંડનમાં શૂટિંગનો પ્લાન પડતો મૂકાયો છે. તેના બદલે સપ્ટેમ્બર મહિનાથી મુંબઈના જ કોઈ લોકેશન પર શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે.


## ૪૦૦ કરોડની નજીક પહોંચી ગયો : 'સ્ત્રી ૨' ફિલ્મે સાત દિવસમાં બનાવ્યો કમાણીનો પહાડ

મુંબઈ, તા.૨૩


દિનેશ વિજનની લેટેસ્ટ હોરર યુનિવર્સ ફિલ્મ 'સ્ત્રી ૨' ની હોરર સિનેમાઘરોમાં ચાલુ છે. પહેલા દિવસથી જ લોકોનું મનોરંજન કરી રહેલી આ ફિલ્મને વીકએન્ડમાં થિયેટરોમાં ફરી 'હાઉસફુલ'ના બોર્ડ લાગી ગયા, જે છેલ્લે ગયા વર્ષે રિલીઝ થઈ હતી.માત્ર દિલ્હી-મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં જ નહીં પરંતુ નાના શહેરો અને નગરોમાં પણ શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની ફિલ્મ ભારે ભીડ જમાવી રહી છે. આ ફિલ્મને જે પ્રેમ મળી રહ્યો છે તેની આશ્ચર્યજનક વાત એ છે કે તેની કમાણી સતત બેફામ ગતિએ વધી રહી છે. હવે આંકડા દર્શાવે છે કે ૭ દિવસમાં 'સ્ત્રી ૨'ની કમાણી બે નવા સીમાચિહ્નને પાર કરવાની નજીક છે.'સ્ત્રી ૨'ને સોમવારે રક્ષાબંધનનો લાભ મળ્યો અને સોમવારે, જે ફિલ્મોની ગતિમાં સ્પીડ બ્રેકર તરીકે કામ કરે છે, ફિલ્મે શુક્રવાર કરતાં વધુ કમાણી કરી. મંગળવારે તેના પ્રથમ કાર્યકારી દિવસનો સામનો કરી રહેલી આ ફિલ્મે ફરી એકવાર બતાવ્યું કે આગામી થોડા દિવસો સુધી તેની ગતિમાં કોઈ બ્રેક નહીં આવે. અને બુધવારે ફિલ્મ બે મોટા સીમાચિહ્નો પાર કરવાની નજીક આવી.મંગળવારે રૂ. ૨૬.૮૦ કરોડ સાથે, 'સ્ત્રી ૨'નું કલેક્શન રૂ. ૨૬૯ કરોડને પાર કરી ગયું હતું. હવે ટ્રેડ રિપોર્ટ્સ કહે છે કે ફિલ્મ બુધવારે પણ હિટ રહી હતી અને તેણે ૭મા દિવસે લગભગ ૨૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. એટલે કે, અંતિમ કલેક્શનના આંકડા જાહેર થયા બાદ 'સ્ત્રી ૨'નું નેટ ઈન્ડિયા કલેક્શન ૨૯૦ કરોડ રૂપિયાની નજીક પહોંચી જશે.અત્યાર સુધી, ૨૦૨૪ ની સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મ પ્રભાસની 'કલ્કી ૨૮૯૮ એડી' છે, જેનું જીવનકાળનું નેટ કલેક્શન રૂ. ૨૯૩ કરોડ હતું. 'સ્ત્રી ૨', જે બુધવારની કમાણીથી રૂ. ૨૯૦ કરોડ સુધી પહોંચી ગઈ છે, તે ગુરુવારે બપોર





પહેલા આ વર્ષની સૌથી મોટી હિન્દી ફિલ્મ બની જશે. આ સાથે 'સ્ત્રી ૨'નું ઈન્ડિયા કલેક્શન પણ ૩૦૦નો આંકડો પાર કરશે.૬ દિવસમાં 'સ્ત્રી ૨'નું વિશ્વવ્યાપી ગ્રોસ કલેક્શન રૂ. ૩૭૦ કરોડને વટાવી ગયું હતું અને બુધવાર પછી આ આંકડો રૂ. ૪૦૦ કરોડની નજીક પહોંચી જશે. જો ફાઈનલ કલેક્શનમાં 'સ્ત્રી ૨' બુધવારની કમાણીમાંથી રૂ. ૪૦૦ કરોડ સુધી પહોંચે તેવું લાગતું નથી, તો એ વાત નિશ્ચિત છે કે ગુરુવારની સવારના પ્રથમ શોથી જ ફિલ્મ અજાયબી કરશે.૨૦૨૪ માં સૌથી મોટી ભારતીય ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ એડી' છે જેનું વિશ્વવ્યાપી કલેક્શન ૧૨૦૦ કરોડ રૂપિયાની નજીક છે. આ પછી તેલુગુ ઈન્ડસ્ટ્રીની ફિલ્મ 'હનુમાન' ૩૫૦ કરોડના ગ્રોસ કલેક્શન સાથે બીજા સ્થાને છે. પરંતુ હવે 'સ્ત્રી ૨' પણ આ વર્ષની બીજી સૌથી મોટી ભારતીય ફિલ્મ બની ગઈ છે. 'સ્ત્રી ૨'નો લક્ષ્યાંક આ સપ્તાહના અંતે રૂ. ૫૦૦ કરોડ સુધી પહોંચવાનો રહેશે.



રાશા ઈન્સ્ટાગ્રામ પર પોતાની સુંદર તસવીરો શેર કરીને તગડી ફેન ફોલોઈંગ બનાવી લીધી છે.તે ઘણીવાર ઈન્સ્ટાગ્રામ પર ફેન્સ સાથે શાનદાર તસવીરો શેર કરતી જોવા મળે છે.રવિના ટંડન પોતાના જમાનાની હિટ હિરોઈનોના લિસ્ટમાં સામેલ હતી, હવે એક્ટ્રેસની દીકરી પણ મોટી થઈ ગઈ છે.




ટીવી અભિનેત્રી રુમા શર્માએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર તેની સુંદર તસવીરો શેર કરીને ચાહકોમાં સનસનાટી મચાવી દીધી છે.રુમા શર્માને બાળપણથી જ અભિનયનો ખૂબ શોખ હતો અને તેણે માત્ર ૬ વર્ષની ઉંમરે શ્રીરામ સેન્ટર ઓડિટોરિયમમાં પ્રથમ અભિનય કર્યો હતો.રુમા શર્મા આ દિવસોમાં





આયેશા સોશિયલ મીડિયા પર તેના ફોટા અને વીડિયો શેર કરતી રહે છે. તેણે તેના નવા લૂકમાં એક ફોટો શેર કર્યો છે જેણે બધાને ચોંકાવી દીધા છે. આયેશાના ટ્રાન્સફોર્મેશનને જોઈને લોકો તેને ટ્રોલ કરી રહ્યા છે. લોકો આયેશાને તેની પોસ્ટ પર ઘણી કોમેન્ટ કરીને ટ્રોલ કરી રહ્યા છે.



નમ્રતા તેના ઈન્સ્ટાગ્રામ પર રોજ ફોટો અને વીડિયો પોસ્ટ કરતી રહે છે.અભિનેત્રીએ હાલમાં જ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં નમ્રતા બિકીની પહેરેલી જોવા મળી રહી છે.નમ્રતાની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ ખળભળાટ મચાવી રહી છે.

## CID એક્ટર શિવાજી સાટમનું પણ સન્માન : મહારાષ્ટ્ર સરકારે આશા પારેખને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આપ્યો

મુંબઈ, તા.૨૩

પીઢ અભિનેત્રી આશા પારેખ તેમના સમય દરમિયાન હિન્દી ફિલ્મોની ટોચની અભિનેત્રીઓમાંની એક રહી છે. 'કટી પતંગ', 'તીસરી મંઝિલ' અને 'ઉપકાર' જેવી ઘણી યાદગાર ફિલ્મો કરનાર આશા પારેખની અદ્ભુત સિદ્ધિઓની યાદીમાં વધુ એક મોટું સન્માન નોંધાયું છે.બુધવારે મહારાષ્ટ્ર સરકારે આશા પારેખને રાજ કપૂર લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કર્યા. આશાને અગાઉ ૨૦૨૦માં દાદાસાહેબ ફાળકે એવોર્ડ પણ મળ્યો હતો. ચાર દાયકામાં ૮૫ થી વધુ ફિલ્મો કરનાર આશાને ૧૯૯૨માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. ૮૧ વર્ષીય આશા પારેખે બુધવારે વર્લીના NSCI ડોમ ખાતે આયોજિત એવોર્ડ ફંક્શનમાં એવોર્ડ મેળવ્યા બાદ 'જય મહારાષ્ટ્ર' કહ્યું હતું.આશા પારેખે ૧૯૫૨માં બાળ કલાકાર તરીકે ફિલ્મમાં પ્રવેશ કર્યો હતો.

હિન્દીમાં ઘણી યાદગાર ફિલ્મો કરી ચૂકેલી આશાએ કારકિર્દીની ટોચ પર ગુજરાતી ફિલ્મોમાં પણ કામ કર્યુ હતું. તેણે કન્નડ અને પંજાબી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. ધર્મેન્દ્ર સાથેની તેની પંજાબી ફિલ્મ 'કંકણ દે ઓહલે' (૧૯૭૧) ઘણી લોકપ્રિય બની હતી.જાણીતી પ્લેબેક સિંગર અને ભજન ગાયિકા અનુરાધા પૌડવાલનું પણ મહારાષ્ટ્ર સરકાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તેમને ગાનસામરાગીની લતા મંગેશકર એવોર્ડ આપ્યો. મહારાષ્ટ્ર સરકારમાં સાંસ્કૃતિક બાબતોના મંત્રી



સુધીર મુનગંટીવારે કલાકારોને આ પુરસ્કારો આપ્યા હતા.એવોર્ડ મેળવ્યા બાદ સિંગર અનુરાધા પૌડવાલે કહ્યું, 'હું કહી શકતો નથી કે લતા મંગેશકર જી, જેમને હું મારા ગુરુ માનું છું તેમના નામે શરૂ થયેલો એવોર્ડ મેળવવો મારા માટે કેટલો મહત્વપૂર્ણ છે.'પ્રખ્યાત અભિનેતા શિવાજી સાટમને પણ ખૂબ જ લોકપ્રિય ટીવી શો 'CID'માં ACP પ્રદ્યુમનનું પાત્ર ભજવવા બદલ એવોર્ડ મળ્યો હતો.

મહારાષ્ટ્ર સરકારે તેમને ચિત્રપતિ વી શાંતારામ લાઈફ ટાઈમ એવોર્ડથી સન્માનિત કર્યા. અનુરાધા પૌડવાલ અને શિવાજી સાટમ સાથે 'તેઝાબ' અને 'અંકુશ' જેવી ફિલ્મો માટે જાણીતા ડિરેક્ટર એન. ચંદ્રાને એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. તેમને રાજ કપૂર સ્પેશિયલ કોન્ટ્રીબ્યુશન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે દિગ્દર્શક દિગપાલ લાંજેકરને ચિત્રપતિ વી.શાંતારામ સ્પેશિયલ કોન્ટ્રીબ્યુશન એવોર્ડ મળ્યો હતો.

**વિકી કૌશલે છત્રપતિ શિવાજીને અસલી સુપરહીરો ગણાવ્યા**

## આપણે ઍવેન્જર્સની જરૂર નથી, શિવાજી જ આપણા સુપરહીરો

મુંબઈ, તા.૨૩

વિકી કૌશલ તેની આવનારી ફિલ્મ 'છાવા' માટે ખૂબ ઉત્સાહીતિ છે. આ ફિલ્મનું ટીઝર સોમવારે રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં વિકી મરાઠા યોદ્ધા અને રાજા છત્રપતિ સંભાજીના રોલમાં છે. ત્યારે આ ફિલ્મના ટ્રેલર લોન્ચની એક ઈવેન્ટમાં વિકીએ છત્રપતિ શિવાજીની સરખામણી ઍવેન્જર્સ સાથે કરી છે. વિકીએ લોકો સાથે વાત કરતાં સંભાજીના પિતા છત્રપતિ શિવાજીની પણ વાત કરી હતી. તેણે કહ્યું,"જો તમે ભારતના ઈતિહાસમાં ડોકિયું કરશો તો સંભાજી જેવા, છત્રપતિ શિવાજી જેવા એટલાં બધાં સુપર હીરો મળશે કે તેની સામે બધા જ સુપરહીરો હારી જશે. આપણે લોકોને આવી કથાઓ બતાવીએ તે જરૂરી છે. આપણે સાથે મળીને આવી કથાઓને સેલિબ્રેટ કરવી જોઈએ. હું હંમેશા કહું છું કે પશ્ચિમી દેશોને ઍવેન્જર્સ જેવા કાલ્પનિક હીરો બનાવવાની જરૂર છે, કારણ કે તેમની પાસે આવા સુપર હીરો નથી. આપણી પાસે તો અસલી સુપરહીરો છે." ફેન્સને વિકી કૌશલની આ વાત બહુ ગમી હતી અને તેમણે આ વાત વખાણી હતી. ઈન્સ્ટા. પર વાયરલ વિકી કૌશલની આ વીડિયો પર અનેક ફેન્સે કમેન્ટ કરી હતી. આ ઉપરાંત નીલ ભોપલમ અને સંતોષ જુવેકર પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ પણ મડોક ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે, જે ૬ ડિસેમ્બરે રિલીઝ થશે.

# SPORTS કોર્નર

## નીરજ ચોપરા અને મનુ ભાકરની બ્રાન્ડ વેલ્યુ વધી, ૧.૫ કરોડના એન્ડોર્સમેન્ટ ડીલ પર હસ્તાક્ષર

મુંબઈ,તા.૨૩

નીરજ ચોપરા અને મનુ ભાકર જેવા ભારતીય એથ્લેટ્સની બ્રાન્ડ વેલ્યુ નોંધપાત્ર રીતે વધી રહી છે, ખાસ કરીને પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪ને ધ્યાનમાં રાખીને. નીરજ ચોપરાની બ્રાન્ડ વેલ્યુ ઝડપથી વધી રહી છે, અને તે ઈ૪૦ મિલિયન (અંદાજે રૂ. ૩૩૦ કરોડ) સુધી પહોંચી શકે છે. આ તેના માટે એક મોટી સિદ્ધિ છે અને તે હાર્દિક પંડ્યા જેવા લોકપ્રિય ક્રિકેટરને પણ પાછળ છોડીને તેને ભારતના સૌથી મોંઘા એથ્લેટ્સમાંથી એક બનાવી શકે છે. મનુ ભાકરે, જે એક અગ્રણી શૂટર છે, તેણે તાજેતરમાં રૂ. ૧.૫ કરોડના એન્ડોર્સમેન્ટ ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. આ તેમના માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે અને દર્શાવે છે કે પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં ભારતીય ખેલાડીઓ પ્રત્યે કંપનીઓનો વિશ્વાસ અને સમર્થન વધી રહ્યું છે.

અન્ય ભારતીય એથ્લેટ્સની બ્રાન્ડ વેલ્યુ પણ વધી રહી છે, જે દર્શાવે છે કે ભારતમાં રમતગમતની લોકપ્રિયતા અને રમતવીરોની વ્યાવસાયિક અપીલ



ઝડપથી વધી રહી છે. પેરિસ ઓલિમ્પિકમાં ભારતને સારું પ્રદર્શન કરવાની અપેક્ષા છે, જે આ ખેલાડીઓની બ્રાન્ડ વેલ્યુમાં વધુ વધારો કરી શકે છે.

નીરજે ટોક્યો ઓલિમ્પિક-૨૦૨૦માં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. આ પછી નીરજ પર પૈસાનો વરસાદ થયો. તેની પાસે પાણીપતમાં એક ભવ્ય બે માળનું લક્ઝરી હાઉસ છે જેમાં રેન્જ રોવર, ફોર્ચ્યુનર, ફોર્ડ મુસ્ટાંગ જીટી જેવી કારનો સમાવેશ થાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નીરજની કુલ સંપત્તિ અંદાજે ૩૭ કરોડ રૂપિયા છે.

## બાંગ્લાદેશના દિગ્ગજ ક્રિકેટર શાકિબ અલ હસન વિરુદ્ધ એફઆઈઆર : હત્યા માટે ઉશ્કેરવાનો આરોપ

ઢાકા,તા.૨૩

બાંગ્લાદેશમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે અરાજકતા જોવા મળી રહી છે. તેની અસર બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ પર પણ જોવા મળી હતી. બીસીબી ડિરેક્ટરે રાજીનામું આપવું પડ્યું, જ્યારે ફારુક અહેમદને બીસીબીના નવા પ્રમુખ બનાવવામાં આવ્યા. એટલું જ નહીં ભવિષ્યમાં બાંગ્લાદેશની ટીમમાં પણ કેટલાક ફેરફાર જોવા મળી શકે છે. આ દરમિયાન એક મોટા સમાચાર સામે આવ્યા છે. ઢાકા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, બાંગ્લાદેશના દિગ્ગજ ક્રિકેટર અને અવામી લીગના ભૂતપૂર્વ સાંસદ શાકિબ અલ હસન, જે પાકિસ્તાન પ્રવાસ પર હતા, તેમના પર હત્યાને ઉશ્કેરવાનો આરોપ છે. આ મામલો એક ગારમેન્ટ વર્કરની હત્યા સાથે સંબંધિત છે આ અંગે પોલીસ સ્ટેશનમાં પણ કેસ નોંધવામાં આવ્યો છે.

મૃતક રૂબેલના પિતા રફીકુલ ઈસ્લામે ઢાકાના એડબોર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો હતો. આ કેસમાં સાકિબ ૨૮મો આરોપી છે. અન્ય આરોપીઓમાં પૂર્વ વડાપ્રધાન



શેખ હસીના, ઓબેદુલ કાદર અને અન્ય ૧૫૪નો સમાવેશ થાય છે. લગભગ ૪૦૦-૫૦૦ અજાણ્યા લોકો પણ આરોપી છે. કેસના નિવેદન મુજબ, ૫ ઓગસ્ટના રોજ, રૂબેલે અદાબોરમાં રિંગ રોડ પર વિરોધ માર્ચમાં ભાગ લીધો હતો. રેલી દરમિયાન, કોઈએ આયોજિત ગુનાહિત કાવતરાના ભાગરૂપે ભીડ પર કથિત રીતે ગોળી ચલાવી હતી, જેના પરિણામે રૂબેલને છાતી અને પેટમાં ગોળી વાગી હતી. તેને હોસ્પિટલ માં લઈ જવામાં આવ્યો, પરંતુ ૭ ઓગસ્ટના રોજ તેનું મૃત્યુ થયું.

શાકિબ આ પહેલા પણ ઘણી વખત મેદાનની અંદર અને મેદાનની બહાર વિવાદોમાં ફસાઈ ચૂક્યો છે. આ વર્ષે મે મહિનામાં તેણે સેલ્ફી લેવા આવેલા એક ફેન સાથે ગેરવર્તન કર્યું હતું. તેની એક્શન કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પહેલા શાકિબે ગુસ્સામાં પ્રશંસકની ગરદન પકડી અને બાદમાં તેને મારવા માટે હાથ ઉંચો કર્યો. તે તેનો પીછો કરતો જોવા મળ્યો હતો. તેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આટલું જ નહીં, મેદાન પર તે ઘણી વખત અમ્પાયરના કોઈપણ નિર્ણયનો સખત વિરોધ વ્યક્ત કરતો જોવા મળ્યો છે. એકવાર ગુસ્સામાં તેણે પગથી સ્ટમ્પ તોડી નાખ્યા. તે અમ્પાયરને ફટકારવા માટે ઝડપથી આગળ વધ્યો, પરંતુ પછી અટકી ગયો.

શાકિબ અલ હસનને ગયા અઠવાડિયે બાંગ્લાદેશની નવી વચગાળાની સરકારે બે મેચની ટેસ્ટ શ્રેણીમાં પાકિસ્તાનનો સામનો કરવા માટે મંજૂરી આપી હતી. પોતાના ક્રિકેટ ચાલુ રાખવાના નિર્ણય પર BCB પ્રમુખ ફારુકે કહ્યું, 'અમે શાકિબની સ્થિતિ અંગે ચર્ચા કરીશું અને એ પણ જોઈશું કે શું તે વર્તમાન સંજોગોમાં ચાલુ રાખી શકે છે કે નહીં. અમે પ્રવાસ દરમિયાન ખેલાડીઓના આચરણ અંગેના નિયમો ઉમેરવાનું પણ વિચારી રહ્યા છીએ. શાકિબે બાંગ્લાદેશ માટે ૬૮ ટેસ્ટ, ૨૪૭ વનડે અને ૧૨૯ ટી-૨૦ રમી છે. તેણે ટેસ્ટમાં ૩૮.૮૪ની એવરેજથી ૪૫૦૫ રન, વનડેમાં ૩૭.૧૧ની એવરેજથી ૭૫૭૦ રન અને ટી૨૦માં ૧૨૧.૨૫ની સ્ટ્રાઈક રેટથી ૨૫૫૧ રન કર્યા છે. શાકિબે ટેસ્ટમાં પાંચ સદી અને ૩૧ અડધી સદી, વનડેમાં ૯ સદી અને ૫૬ અડધી સદી અને T20માં ૧૩ અડધી સદી ફટકારી છે. આ સિવાય તેણે ટેસ્ટમાં ૨૩૮ વિકેટ, વનડેમાં ૩૧૭ વિકેટ અને ટી ૨૦માં ૧૪૯ વિકેટ ઝડપી છે.

## ક્રિકેટ મેદાન બાદ હવે સુપર સ્ટાર વિરાટ કોહલી ફિલ્મોમાં જોવા મળશે?

મુંબઈ,તા.૨૩

ભારતીય ક્રિકેટ સુપરસ્ટાર વિરાટ કોહલી ઘણીવાર તેની રમત માટે ચર્ચામાં રહે છે, પરંતુ હાલમાં જ બોલિવૂડના પ્રખ્યાત કાસ્ટિંગ ડિરેક્ટર મુકેશ છાબરાએ તેને એક મહત્વપૂર્ણ સલાહ આપી છે. 'ડેંકી', 'જવાન' અને 'દંગલ' જેવી હિટ ફિલ્મો માટે જાણીતા છાબરાએ વિરાટ કોહલીને ફિલ્મો અને અભિનયથી દૂર રહેવાની સલાહ આપી છે.



એક અભિનેતા તરીકે વિરાટ કોહલીની સંભાવનાઓ વિશે વાત કરતા મુકેશ છાબરાએ કહ્યું કે વિરાટે જે રીતે તેની ક્રિકેટ સફળતાને સંભાળી છે તે ખૂબ જ પ્રશંસનીય છે. છાબરા અનુસાર, વિરાટની ફિટનેસ, દેખાવ અને માનસિકતા ક્રિકેટ પ્રત્યેના તેના સમર્પણને દર્શાવે છે. જોકે તેનું માનવું છે કે વિરાટ કોહલીને એક્ટિંગમાં આવવાની કોઈ જરૂર નથી. છાબરાએ કહ્યું, "વિરાટ કોહલીએ સફળતાને સારી રીતે સંભાળી છે. તે એક તેજસ્વી વ્યક્તિ છે અને દેશને ગૌરવ અપાવી રહ્યો છે. તેણે ફિલ્મોમાં જોવાને બદલે તેની ક્રિકેટ કારકિર્દી પર ધ્યાન આપવું જોઈએ.

મુકેશ છાબરાએ વિરાટ કોહલીના અંગત જીવન વિશે પણ કેટલીક માહિતી શેર કરી હતી. તેણે કહ્યું કે વિરાટ છોલે ભટુરેનો મોટો ફેન છે અને ખૂબ જ સારો વ્યક્તિ છે. છાબરાએ કહ્યું કે તે લગભગ ૫-૬ વર્ષ પહેલા એક પાર્ટીમાં વિરાટને મળ્યો હતો અને ત્યારથી વિરાટ એક રોલ મોડલ બની ગયો છે.

જોકે મુકેશ છાબરા વિરાટને ફિલ્મોમાં જોવાની વિરુદ્ધ સલાહ આપે છે, પરંતુ વિરાટ કોહલીનું બોલિવૂડ સાથે ખાસ જોડાણ છે. વિરાટે બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા સાથે વર્ષ ૨૦૧૭માં લગ્ન કર્યા હતા.

# મોદીના અનુગામી તરીકે કોની પસંદગી થઈ શકે છે તે અંગે કરાયો સર્વે

## કોણ બની શકે ભાવિ વડાપ્રધાન.....શાહ, યોગી કે ગડકરી ? : દેશના લોકોના મંતવ્યો લેવાયા



નવી દિલ્હી, તા.૨૩

સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણી વખતથી જ આમ જનતાના મનમાં સવાલ ઉઠવા માંડ્યો હતો કે મોદી બનશે દેશના વડાપ્રધાન કે પછી બીજું કોઈ? પરંતુ જનતાના પ્રશ્નો પર નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બની ને પૂર્ણ વિરામ મૂકી દીધું , પરંતુ હવે આ સવાલ ભાજપાના સમર્થકો વચ્ચે સવાલ ઊઠી રહ્યો છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પછી કોણ છે? જે સ્વાભાવિક પણ છે. નરેન્દ્ર મોદીએ બે કાર્યકાળ પૂર્ણ કર્યા છે , અને હવે તેમનો વડાપ્રધાન તરીકે ત્રીજી વખતનો કાર્યકાળ શરૂ થયો છે. આ દરમિયાન દેશનું ભાવિ કોના હાથમાં સોંપવું એ નક્કી કરવા એક સરવે કરવામાં આવ્યો અને એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે દેશના લોકો વડાપ્રધાન મોદી પછી કોને પીએમ તરીકે જોવા માંગે છે.

સર્વે મુજબ , ૨૫ ટકાથી વધુ લોકોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરી જેવા વરિષ્ઠ નેતાઓનો સમાવેશ થાય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પછી સીએમ યોગી આદિત્યનાથને ૧૯ ટકા મત મળ્યા હતા. ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરી ૧૩ ટકા મત મેળવીને ત્રીજા નંબર પર છે. આ ઉપરાંત કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ બંનેને લગભગ ૫ ટકા મત મળ્યા છે.

છેલ્લા બે સરવેમાં ૨૮ ટકા અને ૨૯ ટકા લોકોએ અમિત શાહને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યા હતા. દક્ષિણ ભારતમાં ૩૧ ટકાથી વધુ લોકો પણ માનવું છે કે, અમિત શાહ આગામી પીએમ પદ તરીકે સારા ઉમેદવાર બની શકે છે. અમિત શાહની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી તરીકે સીએમ યોગી આદિત્યનાથને સમર્થન આપતા લોકોની ટકાવારીમાં પણ ઘટાડો થયો છે. લગભગ ૧૩ ટકા લોકોએ નીતિન ગડકરીને સંભવિત વિકલ્પ તરીકે પસંદ કર્યા.


કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સીએમ યોગી આદિત્યનાથના રેટિંગમાં થયેલા ઘટાડાનો ફાયદો કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ અને શિવરાજ સિંહ ચૌહાણને થયો છે. સરવે અનુસાર કેન્દ્રીય મત્રી રાજનાથ સિંહની લોક પ્રિયતામાં લગભગ ૧.૨ ટકાનો વધારો થયો છે. જ્યારે મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણની લોકપ્રિયતા વધી છે, જૂન ૨૦૨૪માં મોદી ૩.૦ કેબિનેટમાં જોડાયા પછી ભાજપના વડાપ્રધાન ઉમેદવાર તરીકે તેમની લોકપ્રિયતામાં વધારો થયો છે. વડાપ્રધાન પદના દાવેદાર માટેનો સરવે ૧૫મી જુલાઈથી ૧૦મી ઓગસ્ટ, ૨૦૨૪ની વચ્ચે કરવામાં આવ્યો હતો. જેમાં ૧,૩૬,૪૩૬ લોકોની સાથે દેશભરના ૫૪૩ લોકસભા મતવિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા .

# ગુજરાત હોમગાર્ડ પરિવારમાં આવુ પ્રથમવાર થયુ ! ડિજીપી એ કહ્યુ કબિલે તારીફ...

## કચ્છ હોમગાર્ડ દ્વારા પ્રથમ વખત સરસ્વતી સન્માન અને પ્રંશનીય કામગીરી કરનાર હોમગાર્ડ કર્મચારી નું સન્માન કરાયું ગુજરાત હોમગાર્ડ્ઝ ના ડિજીપી મનોજ અગ્રવાલ તેમજ કચ્છ મોરબી સાંસદ વિનોદ ચાવડા સહિતના આગેવાનોની ઉપસ્થિતીમાં ઐતિહાસીક કાર્યક્રમ આયોજીત થયો







લીડર સારો અને સક્ષમ હશે તો તે સમગ્ર ટીમનું પરિણામ પણ સારું હશે આ શબ્દો છે કચ્છ આવેલા ગુજરાત હોમગાર્ડઝ ના ડિજીપી મનોજ અગ્રવાલના ગુજરાતમાં પ્રથમ વખત હોમગાર્ડઝ પરિવારમાં સરસ્વતી સન્માન અને શ્રેષ્ઠ અને સુંદર કામગીરી કરનાર હોમગાર્ડઝ સભ્યોના સન્માન કાર્યક્રમનું આયોજન ભુજના ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું હતું જેમા ધોરણ ૦૧ થી ડિગ્રી સુધીના વિધાર્થીઓને મોમેન્ટો તેમજ પ્રશંશનીય પત્રો મેહમાનોના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.પશ્રિમ કચ્છ જિલ્લા હોમગાર્ડઝકમાન્ડન્ટમનિષબારોટદ્વારામહેમાનોસહિતનાસૌનેઆવકારઅપાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં સંગીતના તાલે હોમગાર્ડઝ સભ્યો ઝુમી ઉઠીયા હતા તો દિક્ષિત મહારાજે લોકોને હાસ્ય પિરસ્યું હતુ.મહેમાનોના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી.ડિજીપી મનોજ અગ્રવાલ નું શાલ, મોમેન્ટો આપી પશ્રિમ કચ્છ જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ મનિષ બારોટે સ્નમાન કર્યુ હતુ જ્યારે કચ્છ મોરબી સાંસદ વિનોદ ચાવડાનુ હોમગાર્ડ પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ. ઉપસ્થિત તમામ મેહ-માનોને શાલ તેમજ મોમેન્ટો આપી દરેક યુનિટના ઓફિસર કમાન્ડીંગ દ્વારા સન્માનિત કરાયા હતા. પશ્રિમ કચ્છ જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ મનિષ બારોટે જણાવ્યુ હતુ કે ગુજરાત સરકાર દ્વારા ૦૬ માર્ચના મારી નિમણુંક પશ્રિમ કચ્છ જિલ્લાના હોમગાર્ડ કમાન્ડન્ટ તરીકે થયા બાદ જિલ્લાના ૧૦ યુનિટ માંથી જે જવાનોએ પોતના જીવના જોખમે અને બહાદુરી પુર્વક નિષ્ઠાથી ફરજો બજાવી છે અને હોમગાર્ડ્ઝ જવાનોના બાળકો દ્વારા અભ્યાસ મા સારા માર્ક્સ મેળવી પાસ થનારનું પણ અમે સન્માન કરવા જઇ રહ્યા છીએ ત્યારે મને ખુબ ગર્વ થાય છે.આ પ્રસંગે અંગદાન પ્રણેતા દિલિપ દેશમુખે જણાવ્યું હતું કે વિધાર્થીઓ નું સન્માન તે સામાજીક ટેલેન્ટ વધી રહ્યું છે. પ્રમાણિતતા ને ઉદાહરણ બનવા માટે અવકાશ મેળવવાનું કામ મનિષ બારોટ દ્વારા કરવામાં આવી રહેલું છે તે ખરેખર પ્રમાણિકતા બનાવવાનો ચિલો ઉભો કરાઇ રહ્યો છે. પુર્વ કચ્છ ના જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ભુમિત વાઢેર દ્વારા જણાવાયું હતુ કે મનિષ બારોટે પણ પ્રમાણિકતા નું બહુમુલ્ય ઉદાહરણ પુરું પાડ્યું છે. જ્યારે સરકારી વકીલ કલ્પેશ ગૌસ્વામી એ જણાવ્યું હતું કે જે હોમગાર્ડઝ સભ્યો એ પોતની જાન ના જોખમે અને નૈતિકતાના મુલ્યો ને જીવન મા અપનાવી ને પોલિસ ની સાથે રહી રાષ્ટ્ર અને સમાજના હિત માં કદમ મિલાવીને જે કામગીરી કરે છે તે માટે તેમને શુભકામના હોમગાર્ડ સભ્યોનુ મનોબળ મજબુત કરવા માટે જે કાર્યક્રમ યોજવામાં આવે છે તે બહુ મુલ્ય છે. જ્યારે આ પ્રસંગે કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડા એ પોતના સંબોધન માં જણાવ્યું હતુ કે જેમના નેતૃત્વમાં સુંદર, સરસ અને ઐતિહાસીક કહી શકાય તેવો આ પ્રથમ પ્રસંગ યોજાય છે તેનો શ્રેય મનિષ બારોટ ને જાય છે.સરકાર દ્વારા પશ્રિમ કચ્છ જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ તરીકે મનિષ બારોટ ની વરણી કરવામાં આવી છે તે લેખે લાગી છે. એમને જે વિચાર આવ્યો તે ટુંક સમય માં તો અમલ કરી આપની સમક્ષ મુક્યો તે પ્રશંસનીય છે. વિચાર આવવો તે મોટી વાત છે. અને તેને જમીન પર લય આવવો અને કરી બતાવવું તે પણ એક મોટી વાત છે. સાથે આવા કાર્યો ને ગતિ આપી અને બન્ને જીલ્લા ને આગળ લઇ જાય તેવી શુભેછાઓ પાઠવી હતી. આ પ્રસંગે વડી કચેરીના અધિકારીઓ તેમજ બોર્ડરવિંગ,કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા, કચ્છ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દેવજી વરચંદ, ભુજ નગર પાલિકાના પ્રમુખ રશ્મિ સોલંકી, નાયબ વન સંરક્ષક વાય.એસ.ઝાલા, સી.આઇ.ડી. ક્રાઇમના વી.કે. નાઇ, ગ્રુપ કેપ્ટન ૨૭ વિંગ એરફોર્સ આર. કે.યાદવ, કર્નલ વિકાસ પ્રભાકર ૩૬ બટાલીયન એન.સી.સી.,રોહિત સીંગલ સી.ડ્બલ્યુ.ઇ.(એરફોર્સ) ભુજ, સી.ઓ.સુરેન્દ્રસિંહ બી.એસ.એફ.એડમન, રાકેશ યાદવ જી.ઇ. (એરફોર્સ) ભુજ, મોરબી જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ દિપ પટેલ, એસ.બી.આઇ. બેંક રિઝનલ મુકેશ જી. તેમજ પેન્સનર એસોના હોદેદારો અને મહિલા સહિત માજી હોમગાર્ડઝ ના અધિકારી ઓ ઉપસ્થિત રહ્યા હતા.જ્યારે આ કાર્યક્રામ ને સફળ બનાવવા માટે ભુજ ઓફિસર કમાન્ડીંગ વારીષ પટણી, ગૌરાંગ જોષી, વિશાલ મહેશ્વરી, સાવન ચૌહાણ, છગન ગરોડ, કનૈયાલાલ બારોટ, જીગર કંસારા, કુલદિપ પરમાર, ખોડુભા જાડેજા, મંથન ગોર, આશીષ લાખાણી, વિદેશી પ્રસાદ પટેલ, રાજેન્દ્રસિંહ જાડેજા, ભરત ગોર, માધવ ગોર, બળવંત પરમાર, અલીમામદ સુમરા, તેમજ મહિલા હોમગાર્ડઝ સભ્યો જહેમત ઉઠાવી હતી.

### લીડર સારો તો પરિણામ સારું : ડિજીપી

આ પ્રસંગે કમાન્ડન્ટ જનરલ મનોજ અગ્રવાલે પોતાના સંબોધન માં જણાવ્યું હતું કે આજના પ્રસંગે એવો આનંદ મળી રહ્યો છે કે ભુજ નું હમીરસર તળાવ ઓગને છે ત્યારે જે લાગણી અને આનંદ સૌને થાય છે તેવા જ આનંદની અનુભૂતિ આ પ્રોગ્રામ દ્વારા સૌ હોમગાર્ડઝ પરિવાર અને અમને થાય છે. આવું આયોજન ગુજરાત માં પ્રથમ વખત જોવા મળ્યું છે. આવા વિચાર સાથે આયોજન કરવું તે કબિલે તારીફ છે. ૧૪ વર્ષ થી ખાલી પડેલ આ પોસ્ટમા માત્ર ૬ મહિનામા મનિષ બારોટે જે કાર્ય કરી બતાવ્યું છે. તે પ્રસંશા પાત્ર છે. લીડર સારો અને સક્ષમ હશે તો તે સમગ્ર ટીમનું પરિણામ પણ સારું હશે જે આજ ના કાર્યક્રમ પરથી દેખાય આવે છે. તો મધ્યપ્રદેશ ના ધાડપાડું ઓની ગેંગ ને પકડી પાડવા મામલે તેમણે પોતાના ૩૨ વર્ષની નોકરીમાં આવા અનુભવ બહુ ઓછા જોયા છે તેવુ ઉમેર્યુ હતુ સાથે જાનમાલ ની રક્ષા કરવાની તમામ ખાખીધારીની ફરજ છે. રાષ્ટ્રીય કક્ષા એ છેલ્લા ૫ વર્ષમાં જેટલા મેડલ નથી મળ્યા તે ગુજરાત રાજ્ય કક્ષા એ ૧ વર્ષ મા મેડલ મળ્યા છે જેની રાજ્ય સરકારે નોંધ લીધી છે. પ્રથમ વખત એવું બન્યું છે કે જ્યારે જિલ્લા કમાન્ડન્ટ ની નિમણૂક કરવામાં આવી ત્યારે ગ્રહ મંત્રીએ ખાસ એક મિટિંગ ગાંધીનગર બોલાવી તેમજ તાજેતરમાં મનિષ બારોટ તેમજ તેમની ટીમે મળેલા ખજાનાને સરકારમાં જમાં કરાવી પ્રમાણિકતા નું ઉદાહરણ પુરું પાડ્યું છે જે અભિનંદન ને પાત્ર છે.

# સરકારી કર્મચારીઓને મળી શકે છે સારા સમાચાર

## કર્મચારીઓ વર્ષોથી જૂની પેન્શન યોજનાને ફરીથી બહાલ કરવાની માંગણી કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૩

સરકારી કર્મચારીઓ માટે સારા સમાચાર આવી શકે છે. આવતીકાલે દેશના તમામ કર્મચારી સંગઠનો સાથે વડાપ્રધાનની બેઠક થવાની છે. પેન્શન, એનપીએસ સહિતના અનેક મુદ્દા ઉપર ચર્ચા થશે. અનેક રાજ્યોમાં જૂની પેન્શન યોજના લાગુ કરવાની થઈ રહેલી માંગ ઉપર પણ ચર્ચા કરવામાં આવશે. વડાપ્રધાન સાથે બેઠક બાદ મહત્વની જાહેરાત થઈ શકે છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારો ના કર્મચારીઓ અનેક વર્ષો થી જૂની પેન્શન યોજનાને ફરીથી બહાલ કરવાની માંગણી કરી રહ્યા છે. જેને લઈને અનેક આંદોલન પણ થઈ ચૂક્યા છે. કાર્મિક મંત્રાલયે જેસીએમ સચિવ (સંયુક્ત પરામર્શ તંત્ર) શિવ ગોપાલ મિશ્રા અને જેસીએમના કર્મચારી પક્ષના અન્ય સભ્યોને શનિવારે પીએમના અધિકૃત નિવાસ સ્થાન પર વડાપ્રધાનને મળવા માટે નિમંત્રણ મોકલ્યું છે. બેઠકમાં જૂની પેન્શન યોજનાને બહાલ કરવાનો મુદ્દો ઉઠે તેવી શક્યતા છે.

શિવગોપાલ મિશ્રાએ અંગ્રેજી અખબાર ધ હિન્દુને જણાવ્યું કે કર્મચારી પ્રતિનિધિઓએ પીએમ મોદીને મળવાની માંગણી કરી હતી. તેમણે કહ્યું કે અમે અનેક મુદ્દાઓ પર સરકારના સંપર્કમાં છીએ. અમે અમારા મુદ્દાઓ વિશે પીએમને મળવા માંગતા હતા. જૂની પેન્શનયોજનાનીબહાલીએકમહત્વપૂર્ણ મુદ્દો છે. જેનું હજુ સુધી સમાધાન થયું નથી. અમે વડા પ્રધાન સમક્ષ આ મુદ્દો ઉઠાવીશું.

# ગૃહમંત્રી અમિત શાહે ગઠબંધનને લઈને રાહુલ ગાંધીને ૧૦ પ્રશ્નો પૂછ્યા

શ્રીનગર,તા.૨૩

ગૃહમંત્રીએ સોશિયલ મીડિયા પર લખ્યું છે કે સત્તાના લોભમાં દેશની એકતા અને સુરક્ષા સાથે વારંવાર ખેલ ખેલનાર કોંગ્રેસ પાર્ટીએ ફરીથી 'નેશનલ કોન્ફરન્સ' સાથે ગઠબંધન કરીને પોતાના ઈરાદાઓ દેશ સમક્ષ ખુલ્લી પાડી દીધી છે. જમ્મુ-કાશ્મીર ની ચૂંટણીમાં અબ્દુલ્લા પરિવારને રાખવામાં આવ્યો છે. આ અંગે તેમણે રાહુલ ગાંધી અને કોંગ્રેસને ૧૦ પ્રશ્નો પૂછ્યા છે શાહે સવાલ પુછયા છે કે શું કોંગ્રેસ ફરીથી જમ્મુ અને કાશ્મીર માં 'અલગ ધ્વજ'ના નેશનલ કોન્-ફરન્સના વચનને સમર્થન આપે છે? શું રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી કલમ ૩૭૦ અને કલમ ૩૫A પાછી લાવીને જમ્મુ અને કાશ્મીરને અશાંતિ અને આતંકવાદના યુગમાં ધકેલવાના JKNCના નિર્ણયને સમર્થન આપે છે? શું કોંગ્રેસ કાશ્મીરના યુવાનોના ભોગે પાકિસ્તાન સાથે વાત કરીને ફરીથી અલગતાવાદને પ્રોત્સાહન આપવાનું સમર્થન કરે છે? શું કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધી ફરીથી પાકિસ્તાન સાથે 'એલઓસી વેપાર' શરૂ કરવાના નેશનલ કોન્ફરન્સના નિર્ણયથી સરહદ પારના આતંકવાદ અને તેના ઈકોસિસ્ટમને પોષવાને સમર્થન આપે છે? શું કોંગ્રેસ આતંક વાદ અને પથ્થરમારાની ઘટનાઓમાં સામેલ લોકોના પરિવારોને સરકારી નોકરીઓ પુનઃસ્થાપિત કરીને આતંક વાદ, આતંક અને બંધનો યુગ પાછો લાવવાનું સમર્થન કરે છે? આ ગઠબંધનથી કોંગ્રેસ પાર્ટીનો અનામત વિરોધી ચહેરો સામે આવ્યો છે. શું કોંગ્રેસ દલિતો, ગુર્જરો, બકરવાલ અને પહાડીઓનું આરક્ષણ સમાપ્ત કરીને ફરીથી અન્યાય કરવાના ત્નદ્મદ્ગઝના વચનને અનુરૂપ છે? શું કોંગ્રેસ ઈચ્છે છે કે 'શંકરાચાર્ય પર્વત'ને 'તખ્ત-એ-સુલીમાન' અને 'હરિ પર્વત'ને 'કોહ-એ-મારન' તરીકે ઓળખવામાં આવે?

## : વડાપ્રધાનની ઐતિહાસીક મુલાકાત :



યુક્રેનમાં વડાપ્રધાનની મુલાકાત દરમ્યાન અનેક પ્રોજેક્ટ પણ સહમતી થઈ હતી દરમ્યાન વડા પ્રધાન ભારતીય સમુદાયને મળ્યા હતા સાથે યુધ્ધમાં મૃત્યુ પામેલા બાળકોને શ્રધ્ધાજલી અર્પણ કરી હતી યુક્રેનમા સ્થિત ગાંધીજીની પ્રતિમાને નમન કરવા માટે વડા પ્રધાન ગયા હતા...





# અમૂલ દુનિયાની સૌથી મજબૂત ખાદ્ય-ડેરી બ્રાન્ડ




આણંદ,તા.૨૩

ભારતીય કંપની અમૂલ વિશ્વની સૌથી મજબૂત ફૂડ અને ડેરી બ્રાન્ડ બની ગઈ છે. સ્વિટ્ઝર્લેન્ડની નેસ્લેએ ઈ૨૦.૮ બિલિયનમાં સૌથી મૂલ્યવાન બ્રાન્ડનું બિરુદ જાળવી રાખ્યું છે. બ્રાન્ડ ફાઈનાન્સ ફૂડ એન્ડ ડ્રિંક-૨૦૨૪ રિપોર્ટ અનુસાર, અમૂલનો પ્રભાવશાળી બ્રાન્ડ સ્ટ-ન્થ ઈન્ડેક્સ (મ્જીૈં) સ્કોર ૧૦૦માંથી ૯૧ છે. આ કારણોસર તેને છછછ રેટિંગ મળ્યું છે. ખાસ વાત એ છે કે ૨૦૨૩ સુધીમાં કંપનીની બ્રાન્ડ વેલ્યુ ૧૧ ટકા વધીને ૩.૩ અબજ ડોલર થઈ ગઈ છે. અહેવાલમાં જણાવાયું છે કે અમૂલના ઉત્પાદનોની વિશાળ શ્રેણીએ તેને માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં જાણીતું નામ બનાવ્યું છે. ભારતીય બટર માર્કેટમાં ૮૫ ટકા બજારહિસ્સો અને ચીઝમાં ૬૬ ટકા બજારહિસ્સો સાથે, અમૂલની બ્રાન્ડ ઈક્વિટી દર વર્ષે મજબૂત બની રહી છે.

**કંપનીનું મૂલ્યાંકન**

લેઝ =૧૨.૦૨, યિલી = ૧૧.૬૦, ટાયસન = ૮.૨૬, ડેનોન =૮.૦૨, ક્વેકર = ૭.૫૪, કેલોગસ = ૬.૦૯, રિગલી = ૬.૦૨, મેન્ગ્નીયુ =૫.૪૧, ડોરીટોસ = ૪.૬૩, આંકડાઃ અબજ ડોલરમાં

બ્રાન્ડ વેલ્યુએશનના સંદર્ભમાં વિશ્વની ટોચની ૧૦૦ કંપનીઓમાં માત્ર ચાર ભારતીયોનો સમાવેશ થાય છે. અમૂલ ઈ૩.૩ બિલિયનના મૂલ્યાંકન સાથે યાદીમાં ૨૨મા ક્રમે છે. ૨૦૨૩ની સરખામણીમાં કંપ નીએ ચાર સ્થાનની છલાંગ લગાવી છે. બ્રિટાનિયા પાંચ સ્થાન સરકીને ૬૮માં સ્થાને પહોંચી ગયું છે. મધર ડેરી સાત સ્થાનની છલાંગ લગાવીને ૮૭માં સ્થાને છે, જ્યારે નંદિની ૯૫માં સ્થાને છે.

વૈશ્વિક સ્તરે, ખાદ્ય અને પીણા ક્ષેત્રની એકંદર બ્રાન્ડ વેલ્યુ ૪ ટકા ઘટીને લગભગ ઈ૨૬૮ બિલિયન થઈ ગઈ છે. આ ઘટાડાનું કારણ એ છે કે ગ્રાહકો પરંપરાગત મોટી બ્રાન્ડ્સ કરતાં નાની અને ખાનગી લેબલ કંપ નીઓને પસંદ કરી રહ્યા છે. ટોપ-૧૦ ડેરી બ્રાન્ડ્સનું મૂલ્યાંકન ૬ ટકા ઘટ્યું છે, જે હવે ઈ૪૩.૮ બિલિયન થયું છે. આમ છતાં, અમૂલ સતત ચોથા વર્ષે સૌથી મજબૂત ડેરી બ્રાન્ડ બની છે.

અમૂલ પછી ચીનની મેંગનીયુ ડેરી અને યિલી બીજા તથા ત્રીજા સ્થાને છે. આ યાદીના ટોપ ૧૦માં જોવા જઈએ તો ભારત, વિયેતનામ, સાઉદી, ફિનલેન્ડ અને ડેનમાર્કની એક-એક કંપનીનો સમાવેશ થાય છે. અમૂલની બ્રાન્ડ વેલ્યુ વધીને ઈ૩.૩ બિલિયન થઈ ગઈ છે. નોંધનીય છે કે અમૂલે હર્શીઝને હરાવીને નંબર ૧નો ખિતાબ જીત્યો છે.

# પાકિસ્તાનમાં પોલીસ ટીમ ઉપર રોકેટ હુમલો કરાયો

ઈસ્લામાબાદ, તા.૨૩

ગુરુવારે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં બદમાશોએ પોલીસ ટીમ પર રોકેટ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા ૧૧ પોલીસકર્મીઓ માર્યા ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા. અનેક પોલીસકર્મીઓને બંધક બનાવવામાં આવ્યા હતા. પોલીસ પર હુમલો ત્યારે થયો જ્યારે બે મોબાઈલ પોલીસ વાન માચા પોઈન્ટ પર કાદવવાળા રસ્તા પર ફસાઈ ગઈ.પંજાબ પોલીસના પ્રવક્તાએ કહ્યું, "આ દરમિયાન ડાકુઓ ત્યાં પહોંચ્યા અને તેમના પર રોકેટથી હુમલો કર્યો. હુમલામાં ઓછામાં ઓછા ૧૧ પોલીસકર્મીઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે કેટલાકને બંધક બનાવી લેવામાં આવ્યા હતા અને બાકીના ઘાયલ થયા હતા."તેમણે કહ્યું કે મૃતકોની સંખ્યા વધી શકે છે કારણ કે કેટલાક ઘાયલોની હાલત ગંભીર છે. હુમલા બાદ ગુનેગારો નાસી જવામાં સફળ રહ્યા હતા. ઘટના બાદ મોટી સંખ્યામાં પોલીસ દળો ઘટનાસ્થળે પહોંચી ગયા અને ઘાયલોને રહીમ યાર ખાનની શેખ જાયદ હોસ્પિટલમાં દાખલ કરાવ્યા. આ ઘટનાની કડક નોંધ લેતા, પંજાબના મુખ્ય પ્રધાન મરિયમ નવાઝે આઈજી પોલીસ ડૉ. ઉસ્માન અનવરને ઘટના-સ્થળે પહોંચવા અને ગુનેગારો દ્વારા બંધક બનાવાયેલા પોલીસકર્મીઓને બચાવવા માટે ઓપરેશન શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે આવા જિલ્લાઓના ઉબડખાબડ વિસ્તારો (પરા)માં ગુનેગારોનું શાસન સહન કરવામાં આવશે નહીં. આ પહેલા પાકિસ્તાનના એટોકમાં સ્કૂલ વાન પર ફાયરિંગનો મામલો સામે આવ્યો હતો. કોઈ અજાણ્યા શખ્સે આ હુમલો કર્યો હતો. જેમાં બે બાળકોના મોત થયા છે જ્યારે પાંચ બાળકો ઘાયલ થયા છે. આ ઘટના એટકના ઢેરી કોટમાં બની હતી. આ હુમલામાં સ્કૂલ વાનના ડ્રાઈવરને પણ ઈજા થઈ હતી.

# વાયનાડ દુર્ઘટનાના પીડિતોને મળેલા વળતરમાંથી બેંકે કાપી લીધી EMI

## ડિવિઝન બેન્ચે રાજ્યના વકીલને એ જાણવા માટે નિર્દેશ આપ્યો કે શું બેંકો પણ આવા કૃત્યોમાં સામેલ છે

વાયનાડ, તા.૨૩

કેરળ હાઈકોર્ટ એ શુક્રવારે વાયનાડ દુર્ઘટના પીડિતોને મળેલા વળતરમાંથી ઈસ્કાપવાના અહેવાલો પર કડક ટિપ્પણી કરી. કેટલાક અહેવાલો દાવો કરી રહ્યા છે કે કેરળ ગ્રામીણ બેંકએ ગયા મહિનાના વિનાશક વાયનાડ ભૂસ્ખલનનો ભોગ બનેલા લોકોના ખાતામાં જમા કરાયેલ વળતરની રકમમાંથી લોનના માસિક હપ્તા કાપ્યા હતા.

જસ્ટિસ એ.કે. જયશંકરન નામ્બિયાર અને જસ્ટિસ શ્યામ કુમાર વી.એમ. ડિવિઝન બેન્ચે રાજ્યના વકીલને એ જાણવા માટે નિર્દેશ આપ્યો કે શું બેંકો પણ આવા કૃત્યોમાં સામેલ છે. કોર્ટે કહ્યું, "એમાં કોઈ શંકા નથી કે ધિરાણ આપનાર બેંક પૈસા લઈ શકે છે પરંતુ જ્યારે કોઈ ચોક્કસ હેતુ માટે અને ચોક્કસ જવાબદારીઓ પૂરી કરવા માટે બેંક તેને વિશ્વાસમાં રાખે છે, તો બેંક આ પૈસાનો ઉપયોગ કરી શકતી નથી અન્ય કોઈ પણ સંજોગોમાં કરુણા દાખવવી એ આપણી મૂળભૂત ફરજ છે, મહેરબાની કરીને રાજ્યમાં આવી કોઈ ઘટના બની છે તો અમે હસ્તક્ષેપ કરીશું.

બાર અને બેંચના અહેવાલ મુજબ, બેન્ચે ખેદ વ્યક્ત કર્યો અને કહ્યું કે આવી પ્રથાઓ દર્શાવે છે કે લોકો તેમની સહાનુભૂતિ ગુમાવી ચૂક્યા છે. કોર્ટે ટિપ્પણી કરી, "છેવટે, અમે આ સમગ્ર ઘટનાના માનવીય પાસાને ભૂલી રહ્યા છીએ! પહેલા અઠવાડિયે લોકો રડશે અને બીજા અઠવાડિયે આવું કૃત્ય કરશે." કોર્ટે રાજ્ય સરકારને એ સુનિશ્ચિત કરવાનો પણ નિર્દેશ કર્યો છે કે ભૂસ્ખલનથી બચી ગયેલા લોકોને વળતરની રકમ વાસ્તવમાં ઈચ્છિત લાભાર્થીઓ સુધી પહોંચે. તેની ખાતરી કરે. જે પણ રકમ આપવામાં આવે છે ખરેખર તેમને જ આપવામાં આવે જે ત્રાંસળીનો ભોગ બન્યા છે. આ લોકો કોર્ટમાં આવે તેવી અપેક્ષા રાખી શકાય નહીં,"

વાયનાડમાં ૩૦ જુલાઈના ભૂસ્ખલન બાદ રાહતના પગલાં પર નજર રાખવા માટે કોર્ટ સુઓ મોટુ કેસની સુનાવણી કરી રહી હતી. આ દુર્ઘટનામાં ૨૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા અને ઘણા વધુ ઘાયલ થયા હતા અથવા ગુમ થયા હતા. કોર્ટે ભવિષ્યમાં આવી કુદરતી આફતોને કેવી રીતે અટકાવી શકાય તેના વ્યાપક મુદ્દાની તપાસ કરવાની માંગ કરી હતી. દરમિયાન, કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયને મંગળવારે જણાવ્યું હતું કે વાયનાડ જિલ્લામાં ભૂસ્ખલન પીડિતોના પુનર્વસન માટે પગલાં લેવામાં આવી રહ્યા છે અને આ અંતર્ગત બેંકોને ૩૦ જુલાઈ પછી પીડિતોના ખાતામાંથી કાપ વામાં આવેલા માસિક હપ્તાઓ પરત કરવા કહ્યું છે.

તેમની હાલની લોનને ફરીથી શેડ્યૂલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિજયને જણાવ્યું હતું કે, બેંકો તેમના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને ભૂસ્ખલન પ્રભાવિત લોકો દ્વારા લેવામાં આવેલી લોનને સંપૂર્ણપણે માફ કરવા માટે પણ પ્રસ્તાવ કરશે.

આ નિર્ણયો સોમવારે અહીં યોજાયેલી સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી ની બેઠકમાં લેવામાં આવ્યા હતા, એમ મુખ્યમંત્રીએ અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે બેઠકમાં આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકો પાસેથી ૩૦ જુલાઈ પછી કાપવામાં આવેલા માસિક હપ્તાને તેમના બેંક ખાતામાં પરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમણે માહિતી આપી હતી કે એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે કૃષિ અને બિન-કૃષિ હેતુઓ માટે લેવામાં આવેલી વર્તમાન લોનને શક્ય તેટલી વહેલી તકે પુનઃનિર્ધારિત કરવામાં આવશે, તાત્કાલિક રાહત માટે રૂ. ૨૫,૦૦૦ સુધીની લોન ઉપલબ્ધ કરાવવામાં આવશે,આપત્તિ પ્રભાવિત વિસ્તારો માં તમામ પુનઃપ્રાપ્તિ પ્રક્રિયાઓ હાલ માટે મુલતવી રાખવામાં આવશે.


# કોલકાતાની ઘટનાઃ દુનિયાભરમાં ન્યાયની માંગ

લંડન, તા.૨૩

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં એક મહિલા તાલીમાર્થી ડોક્ટર સાથે થયેલી નિર્દયતા બાદ સમગ્ર વિશ્વમાં ન્યાયની માંગ ઉઠી છે. માત્ર ભારતમાં જ નહી પરંતુ વિદેશોમાં પણ આરોપીઓને કડકમાં કડક સજા આપવાની માંગ ઉઠી છે. ન્યાય માટેનો પોકાર હવે ભારતથી બ્રિટન પહોંચ્યો છે. જ્યાં લંડનમાં બ્રિટિશ પાર્લામેન્ટની બહાર અનેક લોકો એકઠા થયા હતા અને ન્યાય માટે આજીજી કરી હતી. આ સમય દરમિયાન, કોઈના હાથમાં શ્રદ્ધાંજલિ આપવા માટે ફૂલ હતું તો કોઈના હાથમાં મીણબત્તી હતી. અનેક લોકો બેનરો વગેરે લઈને પહોંચ્યા હતા. આ દરમિયાન આજતક આ વિરોધ કરી રહેલા લોકો સાથે વાત કરી.ડૉ. દીપ્તિ જૈને કહ્યું કે હું બ્રિટનમાં ડૉક્ટરોની કમિટીની જવાબદારી સંભાળું છું. અમે ક્યારેય વિચાર્યું ન હતું કે અમારે ક્યારેય આ પ્રકારનો વિરોધ કરવો પડશે. અમે આ પહેલા પણ અનેક પ્રકારની ઈવેન્ટ્સ કરી છે, પરંતુ આ ખૂબ જ ઈમોશનલ છે. અમે બધા ન્યાયની માંગ સાથે અહીં એકઠા થયા છીએ. આ પ્રદર્શન માત્ર અહીં જ નથી થઈ રહ્યું પરંતુ બ્રિટનના ૧૬ શહેરોમાં થઈ રહ્યું છે. આ ઉપરાંત અમેરિકામાં પણ અનેક જગ્યાએ ન્યાયની માંગણી માટે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.તેમણે કહ્યું કે તે વૈશ્વિક સ્તરે જશે. અમે ન્યાય અને મહિલા સુરક્ષા માટેની અમારી માંગણીઓ ચાલુ રાખીશું અને એક તાલીમાર્થી ડૉક્ટરનું જીવન બરબાદ કરનાર આ જઘન્ય અપરાધ કરનાર ગુનેગારોને શક્ય તેટલી સખત સજાની માંગણી કરીશું. આપણે બધા ડોકટરો અહીં ઓછા-વત્તા પ્રમાણમાં છીએ અને અમે એક જ શહેરમાં તાલીમ લીધી છે અને અમે ત્યાં એક જ કોરિડોરમાં ફર્યા છીએ, તેથી તે ઘણી બધી યાદો તાજી કરે છે. અમે બધા ત્યાં રહ્યા છીએ.વિરોધમાં ભાગ લેનાર અન્ય એક ડોક્ટરે કહ્યું કે અમને બધાને કોલકાતાની હોસ્પિટલોમાં તાલીમ આપવામાં આવી છે. સૌથી અગત્યનું, અમે વિચાર્યુ કે હોસ્પિટલ સૌથી સુરક્ષિત જગ્યા છે. મને યાદ છે કે મારી માતા મને કહેતી હતી કે અડધી રાત્રે ઘરે ન આવવું કારણ કે તમારા માટે કામ કરવું સલામત નથી. હું ત્યાં જ છું. મેં ત્યાં નેશનલ મેડિકલ કોલેજમાંથી અભ્યાસ કર્યો છે, જે કોલકાતાની સરકારી કોલેજ છે. ત્યારે મારી માતા કહેતી કે રાત્રે ઘરે ન આવો, માત્ર હોસ્પિટલ જ સલામત છે.

## સંક્ષિપ્ત સમાચાર

## કોટેશ્વર BSF કેમ્પ ખાતે આંગણવાડી બહેનોએ જવાનોને રાખડી બાંધી



ભુજ તા.૨૨

ગુજરાત સરકાર મહિલા અને બાળ વિકાસ વિભાગની ૫૩,૦૬૫ આંગણવાડી કાર્યકર બહેનોએ દેશના જવાનોને રાખડી મોકલી હતી,જેમાં કચ્છ જીલ્લાના ૨,૧૧૬ આંગણવાડી કેન્દ્રોના આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પણ ૨,૧૧૬ રાખડીઓ મોકલવામાં આવી હતી.

દેશના જવાનો પોતાના જીવના જોખમે દેશની રક્ષા કરે છે તો તેઓની રક્ષા કરવાનું બીડું આ રક્ષાબંધને આંગણવાડીની બહેનોએ ઉપાડી દરેક આંગણવાડી કાર્યકર બહેનોએ એક એક રાખડી સેનાના જવાનો માટે એકઠી કરી, આ રક્ષાની દોરી ફક્ત દોરી નથી આ તો બહેનનો ભાઈને અને ભાઈનો બહેનને હદયથી અપાતો એક લાગણીઓનો દસ્તાવેજ છે, એવી ભાવના સાથે ગાંધીનગર મોકલવામાં આવી હતી, જે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મહિલા અને બાળ વિભાગના મંત્રી ભાનુબેન બાબરિયા, કમિશ્નર રણજીતકુમાર સીંગ દ્વારા આંગણવાડીની બહેનોની આ રાખડીઓ સેનાના જવાનોને મોકલી આપવામાં આવી હતી. જે અંતર્ગત કચ્છના લખપત તાલુકાના બીએસએફ કેમ્પ કોટેશ્વર ખાતે સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી લખપત અને મુખ્યસેવિકા બહેન, માતાના મઢ આંગણવાડી કાર્યકર બહેનો, તેમજ આંગણવાડીના ભૂલકાંઓ દ્વારા દેશની રક્ષા માટે સરહદ પર ફરજ બજાવી રહેલા જવાનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

## સરકાર દ્વારા પલીવાડ(યક્ષ) પ્રાથમિક શાળામાં સ્માર્ટ ટી.વી. અપાયા



આણંદપર(યક્ષ)તા.૨૩

પ્રાથમિક શિક્ષણમાં બાલ વાટીકાથી લઈ ધો.૧ થી ૮ના બાળકોને સરળ શિક્ષણ મળે એ માટે સરકાર દ્વારા નાના ધોરણ માટે પ્રજ્ઞાનું શિક્ષણ બાળકો શાળામાં જ લઈ શકે એવું આયોજન કરવામાં આવી રહ્યું છે, તે અંતર્ગત પાલીવાડ પ્રા.શાળામાં ટી.વી. આપવામાં આવ્યા છે. સરકાર દ્વારા શાળામાં બાળકોને ઓનલાઈન શિક્ષણ ટી.વી.ના માધ્યમથી બાળકોને આપવામાં આવી રહ્યું છે.

હાલ બાળકોને ડીજીટલ શિક્ષણ મળી શકે એ માટે સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ ટી.વી.ઓ આપવામાં આવે છે, શરૂઆત થઈ ત્યારે ભણવા માટેના બ્લેક બોર્ડ રૂમની દીવાલ પર બનાવવામાં આવતા હતા, હાલ ચોક-ડસ્ટર વગર ભણતર માટે સ્માર્ટ ટી.વી.ઓ શાળામાં અપાઈ રહ્યા છે, સ્માર્ટ ટી.વી. માં ઓનલાઈન ભણવાનું,વગર ચોકે લખવાનું, કોમ્પ્યુટરનો ઉપયોગ તેમજ શાળાના બાળકો આ ટી.વી.માં જે લખવાનું હોય તે લખી શકે છે,તેમજ શિક્ષકો પણ આ સ્માર્ટ ટી.વી.મારફતે બાળકોને ઈજી શિક્ષણ આપી શકશે. તાજેતરમાં નખત્રાણા તાલુકાના પલીવાડ(યક્ષ) ગામે પ્રાથમિક શાળામાં સ્માર્ટ ટી.વી. સરકાર દ્વારા અપાતા ગામના સરપંચ જયાબેન રૂડાણી,પંચાયત સભ્ય પુષ્પાબેન પોકાર, સિધ્ધિક જત,ગામના અગ્રણીઓ, એસ. એમ. સી. અધ્યક્ષ દિપક મહેશ્વરી,હાસમ જત,ઈશ્વર કોલી તેમજ પલીવાડ ગામના સર્વે જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં અધતન શિક્ષણ સુવિધાનો પ્રારંભ કરાયો હતો.

## બેલા ગ્રુપ પ્રા.શાળામાં નારી સશક્તિકરણ સંદર્ભે વિશેષ કાર્યક્રમ યોજાયો



ભુજ તા.૨૩

રાપર તાલુકા ના બેલા ગામે કુમાર ગ્રુપ પ્રાથમિક ગ્રુપ શાળામાં જાતિ સતામણી પર પ્રતિબંધ અને નારી સશક્તિ કરણ સંદર્ભે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હાલમાં સમયમાં વધતા જતા છેડતીના બનાવો, જાતિય સતામણી, હિંસા, બળાત્કાર, મહિલાઓ પર થતો માનસિક અત્યાચાર જેવી મુશ્કેલ પરિસ્થિતિમાં કેવા પગલાં ભરવા,અને શું ધ્યાનમાં રાખવું એ બાબતે શાળાના ધો.૬ થી ૮ ના વિધાર્થી, વિધાર્થીનીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

વિદ્યાર્થીનીઓને માનસિક અને બૌધિક સ્તરે સક્ષમ બનાવવાના હેતુ સાથે શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા વિધાર્થીનીઓની સલામતી બાબતે વિસ્તૃત જરૂરી માર્ગદર્શન સાથે હેલ્પ લાઈન નંબરની માહિતી આપવામાં આવી હતી, આ અવસરે શાળાના વિધાર્થીઓ દ્વારા પોસ્ટર પ્રેઝેન્ટેશન કરાયું હોવાનું બેલા કુમાર પ્રાથમિક ગ્રુપ શાળાના મુખ્ય શિક્ષકની યાદીમાં જણાવાયું હતું.

## ભુજ લોહાણા મહાજન દ્વારા પ્રમુખનું અભિવાદન કરાયું



ભુજ તા.૨૩

ભુજ લોહાણા મહાજનના પ્રમુખ ડો.મુકેશ લીલાધર ચંદેની શેઠ ડુંગરશી નાગજી ટ્રસ્ટ સંચાલિત વી.ડી. હાઈસ્કુલના પ્રમુખ પદે વરણી થતા, સમાજ દ્વારા પાઘડી મોમેન્ટો અને શાલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન ભુજ લોહાણા મહાજનના ઉપપ્રમુખ ઘનશ્યામ ઠકકર, મંત્રી હિતેશ ઠકકર, ખજાનચી મૂળરાજ ઠકકર, સહમંત્રી સંજય ઠકકર દ્વારા કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે માધાપર લોહાણા મહાજનના પ્રમુખ મનોજ ઠકકર, સુખપર લોહાણા મહાજનના પ્રમુખ પ્રભુ મીરાણી, મહિલાશ્રમના પ્રમુખ હર્ષદ ઠકકર, ભુજ લોહાણા મહાજનના કારોબારી સભ્યો તથા વિવિધ સંલગ્ન સંસ્થાઓના હોદેદારો તથા સભ્યો ખાસ ઉપસ્થિત રહયા હતા, સન્માનના પ્રત્યુતરમાં ડૉ. ચંદે દ્વારા ભુજ લોહાણા મહાજન અને સર્વે જ્ઞાતિજનોની આભારની લાગણી વ્યકત કરાઈ હતી.

## નખત્રાણા ગ્રુપ પ્રાથમિક શાળાના શિક્ષકોનું ગાંધીનગર મધ્યે સન્માન



આણંદપર(યક્ષ)તા.૨૩

તાજેતરમાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર ખાતે તાલુકા, જિલ્લા, રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષા સુધી એવોર્ડ મેળવેલ શ્રેષ્ઠ સારસ્વતો માટે વિદ્યોતેજક સન્માન કાર્યક્રમ બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણાના સહયોગથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના મદદનીશ સચિવ અને ભૂતપૂર્વ નાયબ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી પુલકિત જોશીની પ્રેરણાથી યોજાયો હતો. જેમાં કચ્છ જિલ્લાના નખત્રાણા કન્યા પ્રા.શાળાના આચાર્ય પ્રિયંકાબેન સુરેશ ભાવસાર, મદદનીશ શિક્ષક દિપક જેઠાલાલ ચૌહાણ, નાના નખત્રાણાના શિક્ષક મૌલિક નરેન્દ્ર ભાવસાર, નવાનગર નખત્રાણા કુમાર પ્રા. શાળાના એચ.ટાટ આચાર્ય રાજેશ નટવર પટેલીયાને સન્માનિત કરવામાં આવ્યા હતા,તે બદલ ગ્રૂપ શાળાના આચાર્ય દિનેશ પરમાર, સી.આર.સી.કો. ઓ. દિગ્વિજયસિંહ ઝણકાત દ્વારા ગ્રૂપ વતી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## પૂર્વ મહેસુલ મંત્રીની જન્મજયંતી એ સેવા કાર્યો



ભુજ તા.૨૩

ગુજરાતના પૂર્વ મહેસુલ મંત્રી અને લોકસેવક પ્રેમજી ભવાનજી ઠક્કરની જન્મજયંતી એ શહેર ની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળના તેમજ ભુજ નગર પાલિકાના ઉપક્રમે શ્રદ્ધાંજલિ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો બાળકો માટે ચિત્ર અને સુલેખન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિજેતા થનારા ઓ તમામને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા સાથે વિવિધ સેવા કાર્યો પણ કરવામાં આવ્યા હતા રાજેન્દ્ર બાગ પાસે આવેલ પ્રતિમા પાસે વહેલી સવારે પુષ્પહાર કરવામાં આવ્યા હતા તેમજ સત્યમ સંસ્થાના અધ્યક્ષ દર્શક અંતાણી, તેમજ ભુજ નગર પાલિકાના પ્રમુખ રશ્મિ સોલંકી તેમજ મહિલા અગ્રણી રામુ પટેલ, જયંત ઠક્કર, વિભાકર અંતાણી ઈસ્માઈલ જુણેજા નયન શુક્લ, મહમદહુસેન બાયડ, તેમજ ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાના ગોદાવરી ઠક્કર વગેરએ પણ ઉપસ્થિત રહી ને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી આ તકે યોજાયેલી સ્પર્ધાના વિજેતાઓને ઈનામો ધારાશાસ્ત્રી હિરેન શંકર સચદે અને ઉર્મિશ સચદે દ્વારા આપવામાં આવ્યા હતા.

## દયાપર કમલેશ્વર મહાદેવ મંદિર સેવા સમિતિ ટ્રસ્ટના હોદેદારો વરાયા

દયાપર તા.૨૩

દયાપરથી અંદાજે દોઢેક કિલોમીટરના અંતરે આવેલ પ્રસિદ્ધ ધાર્મિક સ્થાનક કમલેશ્વર મહાદેવ મંદિર સેવા સમિતિ ટ્રસ્ટ ના હોદેદારોની વરણી કરાઈ હતી. મંદિરના પ્રાંગણમાં યોજાયેલી ગ્રામજનોની બેઠકમાં પ્રમુખ તરીકે હસમુખ પોકાર, ઉપપ્રમુખ ભવાન લીંબાણી, મંત્રી તરીકે ધીરજલાલ શાહ, સહમંત્રી વિશાલ ગોર, ખજાનચી તરીકે જીનેશ સોની સર્વાનુમતે વરાયા હતા, સાથે કારોબારી સભ્યોની પણ નિયુક્તિ કરાઈ હતી જેમાં



મનસુખ મૈયાત, ત્રિભુવન શાહ, અનિલ સોની, સંદીપ ઠક્કર, મનસુખ મૈયાત, હિતેશ લીંબાણી, પુનિત ગોસ્વામી તેમજ હંસરાજ મૈયાતની વરણી કરવામાં આવી હતી, હોદેદારોએ અહીં કરવામાં આવેલા વિકાસ કામોને આગળ ધપાવી આગામી દિવસોમાં આ મંદિરના વધુ વિકાસલક્ષી કામો કરાશે તેવું જણાવ્યું હતું.

## પુઅરેશ્વર મહાદેવ મંદિરે ચોથા સોમવારે મહાઆરતી યોજાશે

આણંદપર(યક્ષ)તા.૨૩

નખત્રાણા-ભુજ હાઈવે પર આવેલ પૌરાણિક પ્રસિધ્ધ પુઅરેશ્વર મહાદેવ મંદીરમાં શ્રાવણ માસના ચોથા સોમવારે તા.૨૬/૦૮, જન્માષ્ટમીના સાંજે ૭:૦૦ કલાકે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે, આ આયોજન શક્તિસિંહ સુરતાનસિંહ સોઢા લાખાડી પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે, સૌ શિવભક્તોને પધારવા અને મહાઆરતીનો લાભ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું હોવાનું ગયારામ ચંદ્રવંશીએ જણાવ્યું છે.

## સ્વામિનારાયણ મંદિર કિંગ્સબરી,યુ.કે.માં દશાબ્દી મહોત્સવનો શુભારંભ





**મણીનગર :** સ્વામિનારાયણ ભગવાનની સાર્વભૌમ નાદવંશીય પરંપરાના ચતુર્થ વારસદાર એટલે સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર મુક્તજીવન સ્વામીબાપા, તેઓના પુનિત પદાર્પણથી પાવન બનેલી લંડન, યુકેની ધરા પર અનુગામી વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિય સ્વામી મહારાજે ભવ્ય અને દિવ્ય અક્ષરધામ તુલ્ય વિશ્વનું સૌ પ્રથમ ઈકો ફ્રેન્ડલી સ્વામિનારાયણ મંદિર, (કિંગ્સબરી)નું નિર્માણ કર્યું તેને ૧૦ વર્ષ પૂર્ણ થતાં મણિનગર સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજની અધ્યક્ષતા અને નિશ્રામાં સ્વામિનારાયણ મંદિર કિંગ્સબરી દશાબ્દી મહોત્સવનો રંગારંગ શુભારંભ કરવામાં આવ્યો હતો, આ મહોત્સવમાં સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની શ્રીમુખવાણી શ્રી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત ગ્રંથ તથા સ્વામિનારાયણ ગાદી ગ્રંથની પારાયણ, શ્રીજીસ્વયંમૂર્તિ જીવનપ્રાણ શ્રી અબજીબાપાની વાતોની સમૂહ પારાયણ, મહાપૂજા, રાસોત્સવ, ભકિત સંગીત, નગરયાત્રા, ષોડશોપચારથી પૂજન અર્ચન, પાટોત્સવ વિધિ, ધ્વજારોહણ, અન્નકૂટ દર્શન વગેરે વિવિધ ભક્તિ સભર આધ્યાત્મિક કાર્યક્રમો પણ યોજાશે. જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજના સાનિધ્યે સંતો, દેશ વિદેશના હરિભક્તો અને શ્રદ્ધાળુઓ આધ્યાત્મિક આનંદની અનુભૂતિ સાથે આ પાવનકારી પ્રસંગે લંડન ફાયર બ્રિગેડમાંથી સિમોન હોર્ન, ટિમ વેલમેન, લંડન એમ્બ્યુલન્સ સર્વિસિસમાંથી માલ્કમ રિચી, સશસ્ત્ર દળોમાંથી મેજર રુદ્ર, રોયલ નેવીમાંથી વોરન્ટ ઓફિસર રિચી ગ્રે, આર્મ્ડ ફોર્સિસમાંથી મેજર મુનીશ ચૌહાણ તેમજ મેટ્રોપોલિટન પોલીસ સર્વિસમાંથી ઈન્સ્પેક્ટર હાથ અને ઈન્સ્પેક્ટર ઝહનગ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, સ્વામિનારાયણ મંદિર, કિંગ્સબરીમાં સ્વામિનારાયણબાપા સ્વામીબાપા, વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિય સ્વામી મહારાજના દિવ્ય સાનિધ્યમાં તથા આચાર્ય જ્ઞાનમહોદધિ સ્વામી મહારાજની અધ્યક્ષતામાં ઘનશ્યામ મહારાજના દશાબ્દી મહોત્સવમાં નાના ભૂલકાંથી માંડીને મોટી ઉંમરના દેશ વિદેશના ભાવિક હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો.

## મુંબઈમાં કોઠારા જી.ટી.હાઈસ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું



### ૪૦૦ જેટલા પૂર્વ વિદ્યાર્થીઓએ મીઠા મેળાવડામાં ભાગ લીધો

માંડવી તા.૨૩

કોઠારા જી.ટી.હાઈસ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન સ્વાતંત્ર્યદિને મુલુંડ (મુંબઈ)માં રંગે ચંગે ખુશનુમાં વાતાવરણમાં યોજાયું હતું. કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ માં ઐતિહાસિક સ્નેહમિલનમાં કચ્છ સહિત ભારતભરમાંથી ૪૦૦ જેટલા પૂર્વ વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો. આ સ્નેહમિલનમાં શેઠ ગોકુળદાસ તેજપાલ પરિવારના ચોથી પેઢીના વારસદાર શેઠ સુધીરભાઈ, શેઠ શિશિરભાઈ તેમજ ભાભીજીએ ઉપસ્થિત રહીને સ્નેહમિલનને ચાર ચાંદ લગાવી દીધા હતા. કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના કોઠારા ગામમાં લગભગ ૧૬૦ વર્ષથી શેઠ ગોકુળદાસ તેજપાલ મેમોરીયલ હાઈસ્કુલ કાર્યરત છે, ૧૯૫૦ થી ૨૦૦૦ સુધીની બેચમાં સામેલ પૂર્વ વિદ્યાર્થી ભાઈ બહેનો અને સહપાઠીઓ એ ચાર-પાંચ દાયકા બાદ મળીને ખુશીની લાગણી અનુભવી હતી, શેઠ ગોકુળદાસ તેજપાલ પરિવારનું ઢોલ શરણાઈથી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.


સાઠ થી સીતેરના દાયકામાં પહોંચેલા આ પૂર્વ વિદ્યાર્થીઓના જોરદાર ઉમળકાને જોઈને શેઠિયાઓએ અગામી આવુ સ્નેહમિલન મુંબઈમાં ગોવાલિયા ટેક્ક સ્થિત તેજપાલ ઓડિટોરિયમમાં યોજવાની ઓફર કરતા સૌએ વધાવી લીધી હતી. શેઠ ગોકુળદાસ તેજપાલ પરિવાર,જી.ટી.હાઈસ્કૂલ ના પૂર્વ આચાર્ય રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પ્રભાતસિંહજી જાડેજા, સ્નેહમિલન માટે વિશેષ જહેમત ઉઠાવનાર સોમચંદ લોડાયા, ગુરુમાતાઓ વિજયાબેન ગઢવી અને સરલાબેન જોશી મંચસ્થ રહ્યા હતા. કન્વીનર ટીમવતી સોમચંદભાઈએ સૌને આવકારી આ સ્નેહમિલનમાં બહોળી સંખ્યામાં પૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા તે બદલ ખુશી વ્યક્ત કરી કેટલાક ઉદ્દેશો સુચવી એને ચરીતાર્થ કરવાની અપીલ કરી હતી. જ્યારે સૂત્ર સંચાલનમાં દિનેશ રતનશી મૈશેરીએ શાળાના ઈતિહાસ અને શેઠિયાઓના પરોપકારી જીવનની વાતો સુચારૂ રૂપે વણી લીધી હતી, આ પ્રસંગે શેઠ ગોકુળદાસ તેજપાલ પરિવારના ઉપસ્થિત મહાનુભવોનું અભિવાદન ઉપરાંત રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પ્રભાતસિંહ જાડેજા, કન્વીનર સોમચંદ લોડાયા, ગુરુમાતા વિજયાબેન અને સરલાબેન જોશી અને અન્ય મહાનુભાવોનું સન્માન કરવામાં આવેલ હતું. આ ઉપરાંત સમારોહના સારથી તરીકેની ઉત્કૃષ્ટ ભૂમિકા માટે દિનેશ મૈશેરીનું સજોડે અભિવાદન મુંબઈની કન્વીનર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું,સેવાના ભેખધારી માનવજ્યોત ભુજના પ્રમુખ પ્રબોધ મુનવર,વ.ક.નાથા છાત્રાલયના ટ્રસ્ટી પ્રવીણસિંહ જાડેજા, ઓર્ગેનિક ખેતીના પ્રગતિશીલ ખેડૂત અગ્રણી સુરેન્દ્રસિંહ જાડેજા, કચ્છ જિલ્લા સરકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન વાડીલાલ પોકાર, ખગોળ વિદ્યાક્ષેત્રે નરેન્દ્ર ગોર, ધાર્મિક કથાઓના કુશળ સંચાલક અને જાણીતા કવિ જગદીશ ગોર, લેખક અને કવિ હસમુખ અબોટી "ચંદન, રાજકીય અગ્રણી અને કચ્છી દશા ઓસવાળ મહાજનના ટ્રસ્ટી અરવિંદ લોડાયા, કચ્છ એકમના પ્રમુખ મહેશ લાડકા, ક્ષત્રિય મહાજન ના અગ્રણી ભરતસિંહ જાડેજા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.


કાર્યક્રમનું સંચાલન ડી.આર. મૈશેરીએ જ્યારે દિનેશ અજાણીએ આભાર દર્શન કરેલ હતું. આયોજનને પાર પાડવા પુરી કન્વીનર્સ ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં અનેક નામી અનામી મહાનુભવોની ઉપસ્થિતિ કાર્યક્રમની સફળતાનો માપદંડ બની રહી હોવાનું કોઠારા જી.ટી. હાઈસ્કૂલના પૂર્વ વિદ્યાર્થી દિનેશ મણિલાલ શાહ (માંડવી) એ જણાવ્યું હતું. આ પ્રસંગે આમંત્રિત પત્રકારો ગુર્જરમાતાના જયંત છેડા, મુલુંડ ન્યૂઝના સુભાષ શાહ, ગુર્જર ભૂમિના શાંતિલાલભાઈ અને વૈશાલીબેન ઠક્કર, હમારા મુલુંડના બીપીન પંચાલ અને મૃદુલાબેન પંચાલ ઉપસ્થિત રહ્યા હતા,તેમનું મોમેન્ટો અર્પણ કરી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## અંજારમાં આહીર સમાજ દ્વારા જન્માષ્ટમી ઉજવાશે

શ્રી યદુવંશી સોરઠીયા આહીર સમાજ દ્વારા પૂર્વજો ની જૂની પરંપરા ને વર્ષો થી જાળવી રાખી ભગવાન શ્રી કૃષ્ણજન્મોત્સવ ધામધૂમ ઉજવવામા માટે તડામાર તૈયારીઓ ધાર્મિક સમિતિ તેમજ વિવિધ મંડળો દ્વારા કરવામાં આવી રહી છે.આવતી ૨૬ તારીખે સવારે કૃષ્ણભગવાન ની પાલખી યાત્રા સવારે યદુવંશીઓના કુળદેવી માં હિંગળાજ મંદિરે થી પ્રસ્થાન કરશે.આ સમગ્ર રૂટ માં શ્રી રવિ રાંદલ માતાજી મંદિર,શ્રી દ્વારકાધીશ મંદિર,સવાસર નાકા, શિવાજી રોડ,શ્રી મોહનરાય મંદિર, શ્રી રામસખી મંદિર,શ્રી માધવરાય મંદિર,કસ્ટમ ચોક, ૧૨ મીટર રોડ, દેવળીયા નાકા,શ્રી ભરેશ્વર મહાદેવ મંદિર,શ્રી મહાકાલેશ્વર મંદિર,શ્રી રાધાકૃષ્ણ વાડી-રામ નગર,શ્રી ભીડભંજન મહાદેવ મંદિર, સોરઠીયા નાકા,પ્રવેશ દ્વાર,શ્રી હનુમાનજી મંદિર થી રવાડી પરત શ્રી હિંગળાજ મંદિર પરત સિધાવશે, આ સમગ્ર રૂટ દરમિયાન સમાજ ના અલગ અલગ ગોપ મંડળો દ્વારા મટકીફોડ , સમૂહ રાસ સાથે પંજરી ની પ્રસાદી વિતરણ કરવામાં આવશે, રામદેવપીર ભક્ત મંડળ દ્વારા કૃષ્ણજન્મોત્સવ ભજનો થી વાતાવરણ ભક્તિ ના રંગે રંગાશે, બાળકો દ્વારા શ્રી રાધે કૃષ્ણ, શ્રી શિવ પાર્વતી,શ્રી સીતારામ,શ્રી બાલકૃષ્ણ,ગોવાળિયાઓ ના પાત્રો ભજવવામાં આવશે જે શહેરીજનો માટે આકર્ષણ નું કેન્દ્ર બની રહેશે.પરત આવતા હિંગલાજ માતાજી એ બાલ કૃષ્ણ ગોપાલ ને પારણામાં ઝુલાવવામાં માટે ચડાવો લેવામાં આવશે જે પરિવાર ઉચ્ચ બોલી લગાવી ચડાવો લેશે તેમને બાલકૃષ્ણ ગોપાલ નું પારણું ઝુલાવવાનો અવસર પ્રાપ્ત થશે, શ્રી યદુવંશી સોરઠીયા આહીર સમાજ અંજાર પ્રમુખ પ્રેમજી પેડવા,ઉપ પ્રમુખ રમેશ કાતરીયા, મંત્રી મયુર હડિયા ના નેતૃત્વ હેઠળ ધાર્મિક સમિતિ ચેરમેન નવીન લાલાણી, વાઈસ ચેરમેન ભદ્રેશભાઈ કાતરીયા, ધાર્મિક સમિતિ ના સભ્યો,સોરઠીયા આહીર સમાજ મહિલામંડળ સમિતિ ધાર્મિક ઉજવણી ને ભવ્યાતિભવ્ય બનાવવા માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે,જન્માષ્ટમી દિવસે સમગ્ર સમાજ ના ભાઈઓ બહેનો ધંધા રોજગાર બંધ રાખી પાંખી પાડવામાં આવશે.તેવું જીતેન્દ્ર ચોટારા એ જણાવ્યુ હતુ.

## પંચમહાલ જિલ્લાના સ્વામિનારાયણ મંદિરોમાં હિંડોળાનું સમાપન





**મણીનગર :** સ્વામિનારાયણ ભગવાનના સમયથી સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એક માસ સુધી હિંડોળા ઉત્સવ ઉજવાય છે, જેમાં વિવિધ પ્રકારના હિંડોળા તૈયાર કરી ભગવાનને ઝુલાવવામાં આવે છે, આ હિંડોળા ઉત્સવ જીવન જીવવાનો મર્મ પણ શીખવાડે છે, હિંડોળો ઊંચે અને નીચે વારાફરતી જાય તેવી રીતે આપણા જીવનમાં સુખ અને દુઃખ વારાફરતી આવ્યા કરે છે. જીવનમાં સુખ આવે ત્યારે ચગવું ના જોઈએ અને દુઃખ આવે ત્યારે ડગવું ના જોઈએ,પરંતુ દુઃખના સમયમાં સ્વામિનારાયણ ભગવાન ઉપર વિશ્વાસ રાખી ધીરજ રાખવી જોઈએ, વારંવાર પ્રયત્ન અને ભગવાનને પ્રાર્થના કરવાથી આપણા દુઃખ દૂર થઈ જાય છે. પ્રાચીન કાળથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં હિંડોળા પર્વનું સવિશેષ મહાત્મ્ય જોવા મળી રહ્યુ છે, આ ધર્મોત્સવનો ગત અષાઢ વદ બીજથી પ્રારંભ થયો હતો ત્યારથી શ્રાવણ વદ બીજ સુધી આ હિંડોળા ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. હિંડોળા ઉત્સવ દરમિયાન હૈયાના હિંડોળે અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પાલનહારને ભાવ અને ભકિતભેર ઝુલાવવા ભાવિકો ભારે ઉત્સાહિત જોવા મળ્યા હતા. અવનવા પચરંગી તરોતાજા ફૂલ, ફળ, વિવિધ શાકભાજી, આસોપાલવ, કાજુકતરી, અગરબત્તી, સૂકામેવા, પેંડા, રાખડી, પવિત્રા, ચલણી નોટો અને સિક્કાઓ સહિતની અઢળક વેરાયટીઓથી સુશોભિત અને કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ભાવભેર ઝુલાવવામાં આવ્યા હતા,સાથે સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળો અને શ્રદ્ધાળુઓ દ્વારા પ્રભુ સન્મુખ ઠાકોરજીના ગુણગાન અને કીર્તન કરાયા હતા, તા.૨૧ બુધવારે મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત પંચમહાલ જિલ્લાના વિવિધ સ્વામિનારાયણ મંદિરો જેવાં કે મોરડુંગરા, શનિયાડા, બોડીદ્રા બુઝર્ગ વગેરેમાં હિંડોળા ઉત્સવનું ભાવ અને ભકિતમય માહોલમાં સમાપન કરવામાં આવ્યું હતું. હિંડોળા ઝુલાવીને મહંત યોગપ્રિયદાસજી સ્વામી, ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી,ધર્મતનયદાસજી સ્વામી, યોગવલ્લભદાસજી સ્વામી, ગુરુપ્રિયદાસજી સ્વામી વગેરે સંતો તથા હરિભક્તોએ દિવ્ય સ્મૃતિ કરી હતી.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# આજે રાષ્ટ્રીય છરી દિવસ






રાષ્ટ્રીય છરી દિવસ દર ૨૪ ઓગસ્ટ, ઉજવાય છે છરી એ તીક્ષ્ણ ધારવાળું સાધન છે. તેની કામગીરી, નોકરી અથવા શોખ મુજબ તેના પ્રદર્શનમાં અલગ અલગ સ્વરૂપો છે. ઘણા ઉપકરણોના કટીંગ અથવા બ્લેડ જેવા ભાગને છરી પણ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, હળ બ્લેડ, રેઝર બ્લેડ, હાર્વેસ્ટર બ્લેડ, ટર્બાઈન બ્લેડ.આ દિવસ ઉજવાનો હેતુ અજ્ઞાત છે કે શા માટે આ ઉજવણી ૨૪ ઑગસ્ટના રોજ થાય છે, પરંતુ એક વાર્તા પ્રમાણે જણાય છે કે તારીખ બોવી છરી સાથે જોડાયેલી છે.

૧૮૩૮ માં આ તારીખે જ છરીના નામના ભાઈ રેઝિન બોવીએ પ્લાન્ટર્સના એડવોકેટને પત્ર લખીને દાવો કર્યો હતો કે છરી બનાવનાર તે પહેલી વ્યક્તિ છે માટે આ દિવસ ઉજવાય છે માણસોના સમગ્ર ઇતિહાસમાં છરીઓની ઉત્ક્રાંતિ એ નોંધપાત્ર સિદ્ધિ રહી છે -હાડકા, પથ્થર અને ચકમકથી બનેલી છરીઓથી માંડીને ટાઈટેનિયમ, બ્રોન્ઝ, આયર્ન અને સ્ટીલનો ઉપયોગ કરીને આધુનિક સર્જનો સુધી. છરી એ માણસના સૌથી ઉપયોગી સાધનોમાંનું એક છે - રસોઈ, ખાવા, માછીમારી, શિકાર માટે અને ઓહ-સો-હાન્ડી સ્વિસ આર્મી છરીને ભૂલી ન જવા માટે -કોઈ પણ નકારી શકે નહીં.

ઓછામાં ઓછા ૨૦૧૧ થી, દર વર્ષે એક દાયકા કરતાં વધુ સમયથી રાષ્ટ્રીય છરી દિવસ ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય છરી દિવસ નિહાળવા માટે જે તારીખ પસંદ કરવામાં આવી હતી તે બોવી નાઈફ સાથે સંકળાયેલ હોવાનું જણાય છે.છરીઓને તીક્ષ્ણ કરવામાં, છરી બનાવવા માટે, અથવા છરીઓના સંગ્રહને બહાર કાઢવામાં દિવસ પસાર કરવો, રાષ્ટ્રીય છરી દિવસ એ આ પ્રાચીન સાધન માટે પ્રશંસા દર્શાવવાનો ઉત્તમ સમય છે જે આજે પણ સુસંગત છે! નેશનલ નાઈફ ડે એ કેટલાક શો અથવા મૂવીઝ છે જે છરીઓની થીમ પર કેન્દ્રિત છે. અલબત્ત, આમાંની ઘણી ફિલ્મો હત્યાના રહસ્યો હશે, પરંતુ તેને ઉકેલવામાં ઘણી મજા આવી શકે છે! જેમકે નાઈવ્ઝ આઉટ (૨૦૧૯).

આ અનોખી મર્ડર કોમેડી ડેનિયલ ક્રેગને બેનોઈટ બ્લેક તરીકે દર્શાવે છે. ઓલ ધ ઓલ્ડ નાઈવ્સ (૨૦૨૨). આ સ્પાય થ્રિલર ૨૦૧૫માં ક્રિસ પાઈન અને થાન્ડીવે ન્યૂટન અભિનીત ઓલેન સ્ટેઈનહાયર દ્વારા લખાયેલ પુસ્તક પર આધારિત છે. શાર્પ (૨૦૧૩). એક સર્ફ બમ વિશેની વાર્તા જે ઘરે ઘરે છરીઓ વેચવાનું કામ કરે છે. અ નાઈફ ફોર ધ લેડીઝ (૧૯૭૪). કેટલાક દાયકાઓ પહેલાની આ ફિલ્મ એક ડિટેક્ટીવની વાર્તા રજૂ કરે છે જે અનેક હત્યાઓની તપાસ કરે છે. છરીઓનો એક ઉપયોગ જે રસોઈ કરતાં ઓછો સામાન્ય છે, પરંતુ ખૂબ જ રસપ્રદ છે, તે છરી ફેંકવાની પ્રતિભા છે. ઘણીવાર સર્કસ અને અન્ય મનોરંજન સ્થળોમાં ઉપયોગમાં લેવાતો સાઈડ શો, છરી ફેંકવી એ એક કૌશલ્ય છે . જેને ઘણી તાલીમ અને શિસ્તની જરૂર હોય છે. તેને એકાગ્રતા, ચોકસાઈ, સ્વ-સુધારણા અને ઘણું બધું જરૂરી છે. માર્શલ આર્ટ કેન્દ્રો અથવા સમુદાય કેન્દ્રો જેવા વિવિધ સ્થાનિક સ્થળોએ છરી ફેંકવાના પાઠ ઓફર કરવામાં આવે છે અને આ કૌશલ્ય શીખવા માટેના વર્ગ માટે રાષ્ટ્રીય છરી દિવસ ઉત્તમ છે.આ દિવસ ૧૮૦૦ ના દાયકાના અંતથી આસપાસ છે, જ્યારે તે તમામ આકાર અને કદના છરીઓને ઓળખવા અને પ્રશંસા કરવાના માર્ગ તરીકે બનાવવામાં આવ્યો હતો. પોકેટ છરીઓથી લઈને રસોડાના છરીઓ સુધી, તેઓ સદીઓથી આવશ્યક સાધન છે. વર્ષ ૨૦૧૦માં રાષ્ટ્રીય છરી દિવસએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ધ્યાન મેળવવાનું શરૂ કર્યુ હતુ. કચ્છના અંજાર,રેહા સહિતના ગામો છરીઓ બનાવવા માટે દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. એ પણ નોંધવા જેવુ છે.

# ભચાઉ-મુન્દ્રા માં દારૂનો નાશ કરાતા જાણે શરાબની નદીઓ વહી....









દારૂબંધી વચ્ચે કચ્છના અલગ-અલગ વિસ્તારોમાંથી પકડાયેલ કરોડો રૂપીયાના દારૂનો આજે નાશ કરવામાં આવ્યો હતો જેમાં ભચાઉમાં ચાર પોલીસ મથકમાં પકડાયેલ દોઢ કરોડથી ઉપરનો દારૂ જ્યારે મુન્દ્રાના પાંચ પોલીસ મથકના દારૂનો આજે નાશ કરાતા જાણે દારૂની નદીઓ વહી નિકળી હતી. પ્રાન્ત અધિકારી,પોલીસ તથા નશાબંધી વિભાગના અધિકારીની હાજરીમાં કરાઈ કાર્યવાહી કરોડોના દારૂ પર બુલડોઝર ફર્યુ

મુન્દ્રા-ભચાઉ, તા.૨૩

દારૂબંધી છંતા કચ્છ સુધી પહોંચી અને પોલીસના હાથે પકડાયેલ કરોડો રૂપીયાના દારૂનો શુક્રવારે નાશ કરવામા આવ્યો હતો પુર્વ કચ્છના ભચાઉ, રાપર, લાકડીયા, સામખીયારી, પોલીસ મથકમાં જપ્ત કરવામાં આવેલા ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બિયરના જથ્થા નો ભચાઉ ખાતે આવેલ ગણેશ ટીંબી વિસ્તારમાં ભચાઉ પ્રાંત અધિકારી બાલમુકુંદ સુર્યવંશી,ભચાઉ નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા, નશાબંધી અધિકારી અનિરુદ્ધસિંહ ગોહિલ, ભચાઉ પીઆઈ એસ. ડી.સિસોદીયા, લાકડીયા ઇન્ચાર્જ પીઆઇ બી.જી.રાવલ રાપર પીઆઇ જે.બી.બુબડીયા, સામખીયારી પીએસઆઈ વી.આર.પટેલ સહિત ચારેય પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની ઉપસ્થિતમા ચાર પોલીસ મથકમાં કબ્જે કરાયેલ દારૂનો નાશ કરાયો હતો જેમાં ભચાઉમાંથી ૧૯૬૦૧ નંગ કિંમત:-૬૯૦૩૧૯૦/:,સામખીયાળી ૪૯૪૮૮ નંગ કિંમત:-૬૪૩૮૩૮૦/:,લાકડીયા ૪૨૧૫ નંગ કિંમત:-૮૮૭૯૦૫/:,રાપર ૧૬૪૩૩ નંગ કિંમત:-૨૬૨૫૪૨૦/:નો સમાવેશ થાય છે આમ ૮૯૭૩૭ નંગ બોટલ જેની કુલ કિંમત:-૧૬૮૫૪૮૯૫/- થાય છે. તેનો ખુલ્લા ગ્રાઉન્ડમાં નાશ કરવાની કામગીરી કરવામાં આવી હતી દારૂ પર બુલડોઝર ફેરવાતા દારૂની નદીઓ વહી નિકળી હતી

### મુન્દ્રાનો સીમાડો દારૂથી ગંધાઈ ઉઠ્યો

શુક્રવારે પુર્વ કચ્છની સાથે પશ્ચિમ કચ્છના મુન્દ્રા વિસ્તારમાં પણ દારૂનો નાશ કરાયો હતો મુન્દ્રા ના એરપોર્ટ રોડ પર શુક્રવારે બપોરે પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વિભાગના વિવિધ ૬ પોલીસ મથકના ગુનાઓમાં ઝડપાયેલ લાખો રૂપિયાના અંગ્રેજી શરાબ અને બીયરના જથ્થા પર બુલડોઝર ફરી વળ્યું હતું અને એરપોર્ટ રોડ દારૂની વાસથી ગંધાઈ ઉઠ્યો હતો આ બન્ને વિસ્તારના દ્રશ્યો જોઈને કંઈક પ્યાસીઓના મોંમાં પાણી આવ્યા હશે વિગતે વાત કરીએ તો મુન્દ્રા કોસ્ટલ પોલીસ મથકના વિવિધ ગુનાઓમાં ઝડપાયેલ ૨૧૧ અંગેજી શરાબની બોટલ અને બીયરના ટિન ૧૧૯ નંગ એમ કુલ ૫૦૮૫૦ ના મુદામાલ નો નાશ કરાયો હતો.જેમાં પ્રાગપર પોલીસ મથકમાં ઝડપાયેલ અંગ્રેજી દારૂની ૧૧૭૧બોટલ,બીયરના ૪૨૪ટીન એમ કુલ ૫લાખથી વધુનો દારૂ નાશ કરાયો હતો.મુન્દ્રા પોલીસ મથકે ઝડપાયે ૨૩૬૦ બોટલ ૧૫૫ ટીન એમ કુલ ૮,૪૩,૭૫ના મુદામાલ નો નાશ કરાયો હતો.માંડવી કોડાય પોલીસ સ્ટેશનની ૫૮૧ બોટલ કિંમત ૨,૩૫૦૦૦ રૂપિયા માંડવી શહેર પોલીસ મથકની ૧૧૯૩બોટલ, ૧૫૫ ટિન બીયર કિંમત ૪,૨૯,૧૨૦,ગઢશીશાનો ૮૫૭૪૦ રૂપિયા,માંડવી મરીન પોલીસ મથક ના ૧૭૬૨૫ કિંમતના દારૂનો નાશ કરાયો હતો આ કામગીરીમાં માંડવી મુન્દ્રા વિસ્તારના પ્રાંત અધિકારી ચેતન મીસણ, પશ્ચિમ કચ્છ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા, જિલ્લા આબકારી નશાબંધી શાખાના એસ પી મારૂ, મુન્દ્રા પોલીસ મથકના પીઆઈ રાકેશ ઠુંમર,પ્રાગપર પોલીસ મથકના પીઆઈ હાર્દિક ત્રિવેદી તેમજ અન્ય પોલીસ મથકોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રની સુરક્ષા માટે ફોરેન્સિક સાયન્સ મહત્વપૂર્ણ : ઉપરાષ્ટ્રપતિ

**ગાંધીનગર ખાતે NFSUના વિદ્યાર્થીઓને સંબોધતા ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ફોરેન્સિક સાયન્સ મહત્વ સમજાવતા આપ્યુ પ્રેરક ઉદબોધન ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે યોજાયો કાર્યક્રમ**



ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ગાંધીનગર ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી-NF-SU ના વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિ ધનખડે રાષ્ટ્રીય સુરક્ષા, ન્યાય અને વિકાસમાં સંસ્થા ના યોગદાનની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, ફોરેન્સિક સાયન્સ એ રાષ્ટ્રની સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે.ફોજદારી ન્યાય પ્રણાલીમાં ફોરેન્સિક સાયન્સની મહત્વની ભૂમિકા છે. 'પુરાવા' એ અભિપ્રાયો કરતા વધુ મહત્વના છે, આ દિશામાં પ્રગતિથી માત્ર દોષીઓને દોષિત ઠેરવવા જ નહિ પરંતુ નિર્દોષને સુરક્ષિત રાખવા પણ તેટલું જ જરૂરી છે જેનાથી ભારતના કાયદા વધુ મજબૂત થશે. ફોરેન્સિક સાયન્સના વિદ્યાર્થીઓ સત્યને ઉજાગર કરી નિર્દોષ નાગરિકોને ન્યાય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે.તેમણે કહ્યું હતું કે, NFSUના વિદ્યાર્થીઓ ભવિષ્યમાં નિર્દોષ નાગરિકો અને ન્યાય વચ્ચેનો સેતુ બનશે. કોઈપણ ગુનાની નિષ્પક્ષ રહીને તપાસ કરવી આપણું કર્તવ્ય છે. તમારી આવડતના પરિણામે આપણે આતંકવાદ અને પૂર્વ આયોજિત ગુનાહિત પ્રવૃત્તિઓ સામે લડી શકીશું. તેમણે વિદ્યાર્થીઓને સરકારી નોકરીની સાથે સાથે અન્ય ક્ષેત્રોમાં પણ રહેલી સારી તકો ઝડપી લેવા અનુરોધ કર્યો હતો.તો ભારત ડિજિટલ વ્યવહારોમાં વિશ્વમાં અગ્રેસર છે ત્યારે સાઈબર સિક્યુરિટી ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. ભારત વૈશ્વિક સ્તરે ડિજિટાઈઝેશન ક્ષેત્રમાં ૫૦% થી વધુ હિસ્સો ધરાવે છે. આપણા દેશનો ઈન્ટરનેટ વપરાશ યુએસ અને ચીનના ઈન્ટરનેટ વપરાશ કરતાં પણ વધુ છે. સાથે જ વર્ષ ૨૦૨૫માં ભારત ૬-જી લોન્ચ કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

# ગુજરાતમાં એક વર્ષમાં ઝડપાયુ રૂ.૫૬૪૦ કરોડનું ડ્રગ્સ !

**ગુજરાતમાં એક ગ્રામ પણ ડ્રગ્સ વેચાતુ હશે ત્યાં સુધી ગુજરાત સરકારની આ ડ્રગ્સ સામેની જંગ ચાલુ રહેશે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ગુજરાત પોલીસે નાર્કોટિક્સના દૂષણથી રાજ્યના યુવાધનને બચાવવાની શ્રેષ્ઠ કામગીરી કરી છે ૪૩૧ આરોપીઓ સામે ૩૧૭ ગુના દાખલ**



ગાંધીનગર, તા.૨૩

વિધાનસભાના સત્રના અંતિમ દિવસે આજે ૧૧૬ ની નોટિસ પર ડ્રગ્સ પકડ્યા અંગેની ચર્ચા હતી. ખુલ્લા મનથી તમામ પ્રશ્નોના જવાબ આપવાની તૈયારી સાથે ગુજરાતમાં ડ્રગ્સ વિરૂધ્ધ કરવામાં આવેલી કાર્યવાહી સંદર્ભે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે,મંત્રી મંડળની રચના બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ પ્રથમ કેબિનેટ માં જ ડ્રગ્સ સામેની મક્કમ લડાઈ લડવા નિર્ણય લેવાયો હતો.ત્યારથી આજદિન સુધી આ જંગ તેજ ગતિએ ચલાવવામાં આવી રહી છે. ગુજરાત માં એક ગ્રામ પણ ડ્રગ્સ વેચાતુ હશે ત્યાં સુધી ગુજરાત સરકારની આ ડ્રગ્સ સામેની જંગ ચાલુ રહેશે. સમગ્ર ડ્રગ્સ નેક્સસ તોડવા ગુજરાત પોલીસ દિવસ રાત કાર્ય કરી રહી છે. ગુજરાત પોલીસ દ્વારા રાજ્યના કચ્છ, વલસાડ, નવસારી સહિતના જિલ્લાઓના દરિયા કિનારેથી છેલ્લા ૧૫ દિવસમાં અંદાજિત રૂ.૮૫૦ કરોડનું ડ્રગ્સ પકડવામાં આવ્યું છે. જેના માટે ગુજરાત પોલીસ અને ગુજરાત એટીએસની ટીમ અભિનંદનને પાત્ર છે. છેલ્લા એક વર્ષમાં એનડીપીએસ એક્ટ હેઠળ ૩૧૭ ગુના દાખલ કરી કુલ ૪૩૧ આરોપીઓને પકડી અંદાજે રૂ.૫૬૪૦ કરોડનો મુદ્દામાલ પકડી રાજ્યના યુવાધનને બચાવવાની શ્રેષ્ઠ કામગીરી કરી છે. મંત્રીએ ઉમેર્યું કે, ગુજરાત પોલીસથી આંતરરાષ્ટ્રીય ડ્રગ માફીયાઓ થથરે છે એટલે જ ગુજરાત પોલીસની બોટ દેખાતા જ ડ્રગ દરિયામાં નાખી દેવામાં આવ્યા આ પેકેટો દરિયા કિનારેથી બિનવારસી મળી આવે છે.


**વન વિભાગ દ્વારા સરકારની મદદથી માધાપર ગામની વીરાંગનાઓના અદમ્ય સાહસને બિરદાવતી થીમ ઉપર રક્ષકવનનું નિર્માણ કરાયુ છે : જેમા ગૌરવશાળી વીરાંગનાઓની અમર શૌર્યગાથા અને ભારતીય જવાનોની બહાદૂરીની સમર્પિતતા દર્શાવાઇ છે : જે યુવાનોને સેનાની વિવિધ પાંખોમાં જોડાવા પ્રેરણા પુરી પાડે છે**

# રક્ષકવન પ્રવાસીઓનુ મનપસંદ સ્થળ

# સાત લાખથી વધુ પ્રવાસીઓની મુલાકાત





ભુજ તા.૨૩

ભારતીય સંસ્કૃતિના વેદો, પુરાણો, ઉપનિષદો જેવા પૌરાણિક ગ્રંથોમાં માનવ સમાજ અને વૃક્ષો વચ્ચેના સંબંધોનો નિર્દેશ જોવા મળે છે. ગુજરાત સરકારના વન વિભાગે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અલગ અલગ થીમ આધારિત વનોનું નિર્માણ કર્યું છે. સામાજિક વનીકરણ ક્ષેત્રે લોકોમાં જાગૃતતા આવે તે ઉમદા હેતુસર કચ્છ જિલ્લાના ભુજથી ખાવડા રોડ ઉપર વિશાળ વિસ્તારમાં રક્ષકવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. કચ્છ જિલ્લામાં ગુજરાત રાજ્યનું ૧૮મું સાંસ્કૃતિક વન ભુજ તાલુકાના સરસપર નજીક વર્ષ ૨૦૧૮માં બનાવવામાં આવ્યું છે. સમગ્ર રાજ્યમાં વિસ્તાર દ્રષ્ટિએ તમામ વનોમાં અગ્રેસર વિસ્તાર ધરાવતું રક્ષકવન ૯.૧૫ હેક્ટરમાં ફેલાયેલું છે. રૂદ્રાણી માતા ડેમનો વિસ્તાર આ વનને એક અનન્ય પ્રાકૃતિક વાતાવરણ પુરું પાડે છે. કચ્છ જિલ્લો રાજ્ય સરકારના વિઝનના લીધે આજે પ્રવાસન અને ઔદ્યોગિક હબ બનીને ઊભરી આવ્યો છે ત્યારે જિલ્લામાં આવતા પ્રવાસીઓ રક્ષકવનની જરૂરથી મુલાકાત લે છે. જીવનના જોખમે પણ દેશ સેવા કાજે પીછેહટ નહીં કરવાના વીરાંગનાઓના અદમ્ય સાહસની કથા સાંભળીને મુલાકાતીઓ દેશદાઝની પ્રેરણા લઈને જાય છે. રક્ષકવનની અત્યારસુધીમાં સાત લાખથી વધારે પ્રવાસીઓએ મુલાકાત લીધી છે.

ગુજરાત સરકારના સામાજિક વનીકરણના પ્રયાસો અને દેશદાઝની ભાવનાને બિરદાવતું રક્ષકવન કચ્છ જિલ્લામાં આવતા મુલાકાતીઓ માટે એક પ્રવાસનનું સ્થળ બનીને ઊભરી આવ્યું છે.ડિસેમ્બર-૧૯૭૧માં રાષ્ટ્ર પર આવી પડેલી આ આફત સમયે કચ્છના માધાપર ગામે મદદ માગતા ૩૦૦થી વધુ વીરાંગનાઓ અને વીરપુરૂષોએ પોતાના જીવની પરવા કર્યા વિના શ્રમદાન કરીને એરફોર્સના રનવેને રાતોરાત રિપેર કર્યો હતો. રનવે રિપેર થઈ જતા ભારતીય વિમાનો પોતાની પૂર્ણ ક્ષમતાથી લડાઈના મોરચે ઉતરી શક્યા હતા અને દુશ્મનોને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. દુશ્મન દેશના વિમાનોના અવાજો અને મોતની પરવા કર્યા વિના દેશ માટે ઉત્તમ સાહસનો પરિચય કચ્છના માધાપર ગામની વીરાંગનાઓ સહિત ગ્રામજનોએ આપ્યો હતો. માધાપરની વીરાંગનાઓના અદમ્ય સાહસની થીમ સાથે આ વનને 'રક્ષકવન' નામ આપવામાં આવ્યું હતું. અહીં ભારતીય સેનાની વિવિધ પાંખોમાં જોડાવવા માટે યુવાનોને પ્રેરણા મળી એવું નિર્દેશન કરાયું છે.



પ્રવાસન સાથે દેશભક્તિનો અનેરો માહોલ ઉભા કરતા આ વન અંગે કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના કુનરિયા ગામના ઉપસરપંચ સુરેશ છાંગા જણાવે છે કે, રક્ષકવન બનાવીને કચ્છની સ્થાનિક વનસ્પતિઓના સંર્વધન અને પર્યાવરણના જતનનું કામ ગુજરાત સરકારે કર્યું છે. આ વન પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને તેના લીધે આજુ બાજુના લોકોને રોજગારી પણ ઉપલબ્ધ થઈ છે.

### રક્ષકવનની ખાસિયતો

► વોલ મ્યૂરલમાં કચ્છની માધાપરની વીરાંગનાઓ સાહસ અને ભારતીય સંરક્ષણ દળોની માહિતી ► કચ્છની સંસ્કૃતિની ગાથા દર્શાવતા બેનર્સ, શિલ્પો, મ્યૂરલ સહિત ભૂંગાઓના માધ્યમથી સ્થાનિક રીતિરિવાજોનો પરિચય ► કચ્છના સ્થાનિક વન્યજીવોની રોચક માહિતી મળી રહે તે માટે બેનર્સ અને મ્યૂરલ્સ ► ગુજરાત સરકાર અને વન વિભાગના જનકલ્યાણકાર્યોની માહિતી ► રક્ષકવનની અંદર નક્ષત્ર વન, દેવ વન, રાશિ વન, આરોગ્ય વન, ખજુરી વન, નાળિયેરી વન દ્વારા વૃક્ષોની વિવિધ પ્રજાતિઓ અને તેના દૈનિક જીવનમાં મહત્વ અંગે વિશેની રોચક જાણકારી ► સીનિયર સિટિઝન માટે રેમ્પ અને બાળકો માટે પ્લે એરિયા સહિતની સુવિધા ઉપલબ્ધ છે. ► કૃત્રિમ તળાવોના નિર્માણ થકી ટપક તેમજ ફૂવારા પદ્ધતિથી વૃક્ષોને પાણી આપવાની વ્યવસ્થા

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# સંબધને લજવતા કચ્છના બે કિસ્સામાં કોર્ટના ધાક બેસાડતા ચુકાદાઓ

**અંજારમાં પુત્રી પર દુષ્કર્મના કેસમાં પાલક પિતાને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી તો નખત્રાણાના ઉખેડામાં બહેન પર નજર બગાડી દુષ્કર્મ કરનાર હેવાન ભાઈને ભુજ કોર્ટે અંતિમ શ્વાસ સુધીની સજા અને છ લાખનો દંડ ફટકાર્યો સભ્ય સમાજ માટે ચકચારી આ બનાવોમાં કોર્ટે દાક બેસાડતા ચુકાદાઓ આપ્યા**

ભુજ તા.૨૩

ભુજ કોર્ટે પોક્સો કેસમાં શખ્સને અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારી છે. વર્ષ ૨૦૨૨ મા સામે આવેલા કિસ્સામાં ભુજ કોર્ટે આરોપીને અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારી છે. આ કેસની વિગતે વાત કરીએ તો ૧૫-૦૫-૨૦૨૨ ના સામે આવેલા કિસ્સામાં આરોપી કે જે ભોગ બનનારના મામાનો દિકરો થાય તે ૧૧ વર્ષની બાળકીને હરિયાણાથી કચ્છ કામ માટે લાવ્યો હતો. અને ત્યાર બાદ તે અવાર-નવાર તેની સાથે સંબધ બાંધતો હતો સાથે કોઈની ન કહેવાની ધમકી પણ આપતો હતો આરોપી ભોગ બનનાર બાળકીનો મામાનો દિકરો થતો હતો અવાર-નવાર શરીર સંબધ બનાવવા સાથે આરોપી કોઈને કહીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી પણ આપતો હતો. જે બનાવ સામે આવ્યા બાદ નખત્રાણા પોલીસે ગુન્હો નોંધી આ કિસ્સામાં ચાર્જસીટ દાખલ કરી હતી જે કેસ ભુજમાં સ્પેશીયલ જજ વી.એ.બુધ્ધની કોર્ટમાં ચાલી જતા ૧૭ દસ્તાવેજી પુરાવા,૧૨ સાક્ષી તપાસી આરોપીને અંતિમ શ્વાસ સુધીની સજા સાથે છ લાખનો દંડ કોર્ટે ફટકાર્યો છે. આ કેસમાં ભોગ બનનાર પક્ષે એચ.બી.જાડેજાએ હાજર રહી દલીલ કરી હતી

### પાલક પિતાને આજીવન કેદ

અંજારમાં પાલક પિતાએ પોતાની સગીર વયની પુત્રી પર નજર બગાડી તેણીને ધાક ધમકી આપી વારંવાર હવસનો શિકાર બનાવતો હતો, આ કેસમાં અંજારની સેશન્સ કોર્ટે આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી ધાક બેસાડતો હુકમ કર્યો હતો. આ બનાવની વિગત એવી છે કે, કિશોરીની માતાએ તેના ભુજથી ભાગીને કિશોરીના આરોપી પાલક પિતા પાસે જતી રહી હતી. ત્યાર બાદ પુનઃ આ મહિલા બાળકોને મૂકીને જતી રહી હતી, જેથી બાળકી ભાઈઓ સાથે પાલક પિતા પાસે રહેતી હતી, તેવામાં પાલક પિતાએ અંજાર તાલુકામાં વાડીએ કપાસનું ખેતી કામ રાખેલું હતું, જેથી પરિવાર ત્યાં મજૂરી કામ કરતો હતો, ત્યારે એક દિવસ પરિવાર મજૂરી કામે ખેતરમાં જતાં પિતાએ ઓરમાન પુત્રીને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરી પૂર્વક તેણીના મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો, અને ત્યાર બાદ ધાકધમકી આપી વારંવાર બાળકીને હવસનો શિકાર બનાવતો રહ્યો હતો.

થોડા સમય બાદ અન્ય એક વાડીએ કામ મળતા ત્યાં પણ બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું, જેની જાણ વાડી માલિકને થઈ જતાં આરોપીને કામેથી હાંકી કાઢી મૂક્યો હતો, ત્યાર બાદ બાળકી પોતાના વતનમાં તેના કાકા પાસે ચાલી ગઈ હતી અને ત્યાં ગયા પછી પોતાના કાકાના દીકરાને તેના પાલક પિતાના કૃત્યોની સઘડી આપવીતી સંભળાવતા, આ મામલે પોલીસ મથકે લઈ જઈ ફરિયાદ નોંધાવતા આ સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો,પોલીસે ગુનો નોંધી આ બાબતે ગંભીરતા પૂર્વક તપાસ હાથ ધરી, આરોપી રણછોડ ઉર્ફે ભરત દાના નાયકની ધરપકડ કરી લિધી હતી.

પોલીસે આ બાબતે જરૂરી આધાર પુરાવા મેળવી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતાં, આ કેસ ચાલી ગયો હતો, જેમાં ૨૦ જેટલા સાક્ષીઓ અને ૫૦ જેટલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ અંજારના બીજા અધિક સેશન્સ જજ કમલેશ કે. શુક્લ દ્વારા પાલક પિતાને ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એક્ટ ૨૦૧૨ની કલમ-૬ અન્વયે આજીવન કેદની સખત સજા તથા ૩૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. તેમજ દંડની રકમ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજાનો હુકમ સંભળાવ્યો હતો.

આ ઉપરાંત વળતર માટેની યોજના અંતર્ગત બાળકીને રૂા. ૫ લાખનું વળતર આપવાનો હુકમ પણ કરાયો હતો. આ કેસમાં અંજારના મદદનીશ સરકારી વકીલ આશિષકુમાર.પી. પંડ્યાએ હાજર રહી દલીલો કરી હતી.

# પુર્વ કચ્છમાં જુગારીઓ પર પોલીસની તવાઈ : બે દરોડા




ગાંધીધામ તા.૨૩

એક તરફ કચ્છમાં હત્યા જેવા ગંભીર ગુનાઓ વધતા જોવા મળી રહ્યા છે,બીજી તરફ બાતમીના આધારે પોલીસ જુગારના કેસ પકડવા સક્રિય રહી છે, અંજારના શાંતીધામ વરસામેડી સીમ ખાતે આવેલ ક્રિષ્નાપાર્ક માંથી અંજાર પોલીસે ૭ જુગારીઓને કાયદાનો પાઠ ભણાવ્યો હતો.

પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. ગોહીલે સ્ટાફના માણસોને પ્રોહિ/જુગારના કેસો શોધી કાઢવા સુચના આપેલ હોઈ, સ્ટાફના માણસોને પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી આધારે તાલુકામાં વરસામેડી સીમના ક્રિષ્નાપાર્કમાં રામદેવનગર મંદિર પાછળ ખુલ્લા મેદાનમાં જાહેરમાં ગંજીપાના નો જુગાર રમી રહેલા ઈસમો પર રેઈડ કરી આરોપીઓ,રાજુ રામચંદ દેવીપુજક, સાયર ઉર્ફે સમીર મહોમદ શેખ, સતીષ શામજી ઠાકોર, બળવંત વશરામજી ઠાકોર, રાજેન્દ્ર મિશ્રીલાલ મુબરશા, મુકેશ સોમા દેવીપુજક, અનિકેત ક્રિષ્નાકુમાર મિશ્રા (રહે તમામ ક્રિષ્ના નગર શાંતિધામ તા.અંજાર) ને રોકડા રૂ.૧૨,૫૦૦, અને ગજીપાના નંગ-૫૨ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી અંજાર પોલીસ ઈન્સ.એ.આર.ગોહીલ, સબ ઈન્સ. જે.એસ.ચુડાસમા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસોએ કરી હતી. તો બીજી તરફ ગાંધીધામ બી ડીવીઝન પોલીસે બાતમીના આધારે સથવારા કોલોનીમાં જાહેરમાં રોડ લાઈટના અજવાળે રમતા ૯ ખેલીઓને ઝડપી પાડ્યા હતા.

સ્પેશ્યલ ડ્રાઈવ અંતર્ગત પોલીસ ઈન્સપેક્ટર એસ.વી.ગોજીયાની સુચનાથી સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ નાઈટ પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન મળેલ બાતમી આધારે સેક્ટર-૫, સથવારા કોલોની,પ્લોટ નંબર-૧૨૯ના ભાગે ખુલ્લી જગ્યામાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા સથવારા કોલોનીના રહીશ, નવ આરોપીઓ મુકેશ ખિમજી રાઠોડ, કિશોર શીવજી સથવારા, પ્રિયાંક રાજેશ સથવારા, જીગર નરસિંહ સથવારા, કિશોર અરજણ સથવારા, પંકજ ધનજી સથવારા, ધવલ હરી સથવારા, મેહુલ ખીમજી સથવારા, અને ભદ્રેશ પાંચા સથવારા ને રોકડા રૂપિયા ૧,૦૭,૨૦૦, મોબાઈલ-૫ કિમત રૂપિયા ૮૦,૦૦૦ અને ગંજીપાના નંગ-૫૨ સાથે પકડી પાડી,મુદામાલ કબ્જે કરી તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી પો.ઈન્સ. એસ. વી.ગોજીયા, સબ ઈન્સ.એલ.એન. વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના દ્વારા કરવામાં આવી હતી.

કચ્છના ઝડપથી વિકસતા
ન્યુઝ4કચ્છ 'વાત કચ્છીયતની'
દૈનિક અખબારમાં આપની આસપાસ બનતા બનાવો, સામાજિક, રાજકિય કે શૈક્ષણિક આયોજનોના સમાચાર તથા આપની જાહેરખબર આપવા આજે જ સંપર્ક કરો.
+91 9687605569
૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ (કચ્છ)
EMAIL: NEWS4KUTCHINFO@GMAIL.COM
SOCIAL MEDIA FOLLOW US : NEWS4KUTCH